વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.
વાચકોએ પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવા વિનંતી.
● લિ. જાહેરખબર મેનેજર

# સાબરમતી સવેરા

RNI NO.: GUJGUJ/18166

સાપ્તાહિક

Website : www.sabarmatisavera.com

SABARMATI SAVERA (weekly)

• Vol. 1 • Issue No. 23 • Date: 25-3- 2024, Monday • Page- 4 • Annual Subscription Rs.250/- • Price Rs. : 5.00 • sabarmatisavera@gmail.com • www.sabarmatisavera.com
Place of publication : C-216, Swaminarayan Business Park, Narol, AHMEDABAD-382405 • Editor : MUKESHKUMAR HANUMANPRASAD AGRAWAL • Phone: 7874441000


**સુવિચાર............**

ઘડિયાળા કાંટા એના નિયમ પ્રમાણે ચાલે છે એટલે સૌ એની પર વિશ્વાસ કરે છે તમે પણ નિયમ પ્રમાણે ચાલો લોકો તમારી ઉપર પણ વિશ્વાસ કરશે

### IAU દ્વારા આ નામકરણ માટેની માગણી સ્વીકારવામાં આવી

# ચંદ્રયાન-૩ને ચંદ્રના જે ભાગ પર ઉતારવામાં આવ્યું હતું તેને શિવશક્તિ નામ અપાશે

## ચંદ્રયાને ગયા વર્ષે ચંદ્રના સાઉથ પોલ પર સફળ લેન્ડિંગ કર્યું ત્યાર પછી વડાપ્રધાન મોદીએ આ જગ્યાને શિવશક્તિ નામ આપવાની વાત કરી હતી

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ગયા વર્ષે ચંદ્ર પર પોતાના યાનનું સફળ લેન્ડિંગ કરીને ઈતિહાસ સર્જ્યો હતો અને તેને હવે ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU) દ્વારા વિશેષ માન્યતા મળી છે. ચંદ્રયાન-૩ને ચંદ્રના જે ભાગ પર ઉતારવામાં આવ્યું હતું તેને શિવશક્તિ નામ આપવા ભારતે માગણી કરી હતી. IAU દ્વારા આ માગણી સ્વીકારવામાં આવી છે. તેથી ચંદ્રયાનના લેન્ડિંગની જગ્યા હવે સત્તાવાર રીતે શિવશક્તિ તરીકે ઓળખાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ જાહેરાત કરી હતી કે લેન્ડિંગના સ્થળને શિવશક્તિ નામ આપવામાં આવશે. હવે ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને પણ આ નામને મંજૂરી આપી છે.ગેઝેટિયર ઓફ પ્લેનેટરી નોમેનક્લેચર દ્વારા દર વર્ષે નવા મંજૂર થયેલા નામોની યાદી બહાર પાડવામાં આવે છે જેને IAU દ્વારા મંજૂર કરવામાં આવતા હોય છે. હવે Chandrayaan-3ના વિક્રમ લેન્ડરે જ્યાં પોતાના પગ મૂક્યા હતા તે સ્થળને શિવશક્તિ તરીકે ઓળખવામાં આવશે.

ગયા વર્ષે ચંદ્રયાનના સફળ લેન્ડિંગ પછી ત્રણ દિવસ બાદ નરેન્દ્ર મોદીએ ઈસરોના કાર્યક્રમમાં જાહેરાત કરી હતી કે ભારતીય લેન્ડર જ્યાં ઉતર્યું તેને શિવશક્તિ નામ આપવામાં આવશે.

તે સમયે તેમણે કહ્યું હતું કે ભારતે ચંદ્રમા પર તિરંગો ફરકાવ્યો, તે દિવસને હવે ભારતમાં 'નેશનલ સ્પેસ ડે' તરીકે ઉજવવામાં આવશે.

શિવમાં માનવતાના કલ્યાણ માટેનો એક સંકલ્પ છે અને શક્તિ આપણને તે દૃઢ નિર્ધારને પૂર્ણ કરવા માટેની ક્ષમતા આપે છે. તેથી શિવશક્તિ નામ આપવાથી તે બિંદુને હિમાલયને કન્યાકુમારી સાથે સાંકળવામાં આવે તે રીતે કનેક્શન સ્થપાશે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, ''તમે બધા જાણો છો કે સ્પેસ મિશનના ટચડાઉન પોઈન્ટને એક નામ આપવાની વૈજ્ઞાનિક પરંપરા રહી છે. ચંદ્રના જે ભાગ પર આપણું ચંદ્રયાન ઉતર્યું છે, ભારતે તે જગ્યાના નામકરણનો પણ નિર્ણય કર્યો છે. જે સ્થાન પર ચંદ્રયાન-૩નું મૂન લેન્ડર ઉતર્યું છે, તે પોઈન્ટને હવેથી 'શિવશક્તિ પોઈન્ટ' નામથી ઓળખવામાં આવશે.'' મોદીની આ જાહેરાતના મહિનાઓ પછી હવે સત્તાવાર રીતે આ નામને સ્વીકારવામાં આવ્યું છે.

ભારતે ચંદ્ર પર ચંદ્રયાન -૩નું લેન્ડિંગ કરાવ્યું તેનાથી ૧૫ વર્ષ અગાઉ ચંદ્રયાન-૧ને મોકલવામાં આવ્યું હતું જે ૧૪ નવેમ્બર ૨૦૦૮ના રોજ ચંદ્રની સપાટી સાથે ટકરાયું હતું. આ સ્થળને જવાહર સ્થળ તરીકે નામ આપવામાં આવ્યું છે. શિવશક્તિ નામ આપવા ઉપરાંત મોદીએ તે સમયે એવું પણ કહ્યું હતું કે ચંદ્રયાન ૨એ જ્યાં પોતાની છાપ છોડી હતી તે જગ્યાને તિરંગા તરીકે ઓળખવામાં આવશે. તે બિંદુ આપણને યાદ અપાવશે કે નિષ્ફળતાથી કંઈ સમાપ્ત થતું નથી.

# મંત્રોચ્ચાર વચ્ચે સ્વિત્ઝરલેંડમાં થયું શિવ મંદિરનું ભૂમિ પૂજન

## સ્વિત્ઝરલેંડના જ્યૂરિકમાં સ્થિત કોવિલ મંદિર ભગવાન શિવનું ખૂબ જ પ્રસિદ્ધ મંદિર ગણવામાં આવે છે

જ્યૂરિક, તા.૨૪

હિંદુ ધર્મમાં માન્યતા છે કે ભગવાન શિવની ભક્તિથી મનુષ્યના દરેક પાપ ધોવાઈ જાય છે. જીવનમાં સુખ સમૃદ્ધિ આવે છે. શિવ ભક્ત ન ફક્ત ભારતમાં પરંતુ દુનિયાના ઘણા દેશોમાં છે. વિદેશોમાં એવા ઘણા શિવ મંદિર છે, જેની ખૂબ જ માન્યતા પણ છે. સ્વિત્ઝરલેંડના જ્યૂરિકમાં પણ એવું જ એક પ્રસિદ્ધ શિવ મંદિર છે, કોવિલ જે ભગવાન શિવને સમર્પિત છે.

મંદિરક્ષેત્રને હવે મોટું બનાવામાં આવી રહ્યું છે. નિર્માણ કાર્ય શરૂ કરતાં પહેલાં ભૂમિ પૂજનનું આયોજન કરવામાં આવ્યું. આ પૂજાની શરૂઆત ૨૨ માર્ચના રોજ શરૂ થઈ હતી જે આજે ૨૪ માર્ચના રોજ સમાપ્ત થશે.ભૂમિપૂજન માટે વિધિ મુજબ પૂજાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં વૈદિક મંત્રોના ઉચ્ચારણ અને હવન દ્વારા પૂજા કરવામાં આવી રહી છે. ૨૩ માર્ચે મોટી સંખ્યામાં શિવભક્તોએ મંત્રોના જાપમાં ભાગ લીધો હતો અને માતા દેવીના મંત્રો સહિત ઘણા સિદ્ધ મંત્રોનો જાપ કર્યો હતો. સ્થળની પવિત્રતા વધારવા અને તેને ભગવાન શિવનો વાસ બનાવવા માટે મંત્રોનો જાપ કરવામાં આવ્યો હતો.

જ્યૂરિકમાં સ્થિત આ શિવ મંદિર પહેલા માળે બનેલ છે. જ્યૂરિકનું આ શિવ મંદિર પ્રખ્યાત હિન્દુ મંદિરોમાંનું એક માનવામાં આવે છે. વિશ્વભરના લોકો ખાસ કરીને પ્રદેશના હિન્દુ ભક્તો, ભગવાન શિવની પૂજા કરવા માટે અહીં આવે છે. હિંદુ સમુદાયના લોકો પણ ભારતીય તહેવારોની ઉજવણી માટે અહીં એકઠા થાય છે.

આ મંદિરનું નિર્માણ ૧૯૯૦ ના દાયકામાં સ્વિત્ઝરલેંડમાં તમિલ હિંદુ વસ્તીને એકસાથે લાવવા માટે કરવામાં આવ્યું હતું.

આ મંદિરના નિર્માણની પહેલ જ્યૂરિકની અંતરધાર્મિક સોસાયટીએ કરી હતી. મંદિરનું નાનું ક્ષેત્રફળ હોવાના કારણે, નિર્ણય લેવામાં આવ્યો તેનો વિસ્તાર કરવામાં આવશે. નિર્માણ કાર્ય પહેલાં બે દિવસ માટે ભૂમિ પૂજનનું આયોજન થયું છે.

### આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સર્માએ કહ્યું

# બાંગ્લાદેશી મુસ્લિમો ત્રણ ચીજો છોડે તો જ મૂળનિવાસી ગણાશે

## બાંગ્લાદેશથી આવેલા મુસ્લિમોએ મૂળ નિવાસી ગણાવું હોય તો પહેલા તો બેથી વધુ બાળકો પેદા કરવાનું છોડવું પડશે

દિસપુર, તા.૨૪

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્મા પોતાની આક્રમક ભાષા માટે જાણીતા છે. આસામમાં બાંગ્લાદેશમાંથી ગેરકાયદે ઘૂસી આવેલા બંગાળી મુસ્લિમોની બહુ મોટી સમસ્યા છે. આ વિશે હિમંત બિસ્વાએ કહ્યું કે બંગાળી ભાષા બોલતા અને બાંગ્લાદેશથી આવેલા મુસ્લિમો ત્રણ ચીજો છોડી દે ત્યારે જ તેમને મૂળનિવાસી ગણવામાં આવશે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશી મૂળના મુસ્લિમો બેથી વધુ બાળકો પેદા કરવાનું છોડે, બહુપત્નીત્વની પ્રથા છોડે અને સગીર વયની દીકરીઓના લગ્ન કરાવવાનું બંધ કરે તો જ તેમને ભારતના મૂળનિવાસી ગણવામાં આવશે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્માએ બાંગ્લાદેશી મૂળના બંગાળી ભાષી માઈગ્રન્ટ મુસ્લિમો માટે કેટલીક શરતો રાખી છે. તેમણે કહ્યું કે આ લોકોએ બેથી વધુ બાળકોને પેદા કરવાનું છોડવું પડશે. તેઓ એકથી વધુ લગ્ન પણ નહીં કરી શકે. આસામની સંસ્કૃતિમાં આ ચીજોની મંજૂરી નથી. જો બાંગ્લાદેશી મુસ્લિમો ભારતીય નાગરિક બનવા માગતા હોય તો તેઓ બાળલગ્નો પણ નહીં કરાવી શકે.

આસામમાં મુસ્લિમોની વસતીનો એક મોટો ભાગ બાંગ્લાદેશી મૂળના મુસલમાનોનો છે. અહીં કુલ મુસ્લિમોમાં બાંગ્લાદેશી મૂળના મુસલમાનો લગભગ ૩૭ ટકા છે. જ્યારે માઈગ્રન્ટ બંગાળી ભાષી મુસ્લિમો ૬૩ ટકા છે. બાંગ્લાદેશી મુસલમાનોને અહીં મિયા કહીને બોલાવવામાં આવે છે. હિમંત બિસ્વા સર્માએ જણાવ્યું કે બંગાળી ભાષી મુસલમાનો વૈષ્ણવ મઠની જમીન પચાવી પાડે છે અને તેઓ ભારતીય હોવાનો દાવો પણ કરે છે. તમે જો પોતાની જાતને સ્વદેશી તરીકે ઓળખાવવા માગતા હોવ તો બાળકોને મદરેસામાં મોકલવાના બદલે તેમને ડોક્ટર, એન્જિનયર બનવા માટે ભણાવો. તેમણે પોતાની દીકરીઓને શાળામાં મોકલવાનું શરૂ કરવું પડશે અને તેમને પિતાની સંપત્તિમાં અધિકાર પણ આપવો પડશે.

હિમંત બિસ્વા સર્માએ જણાવ્યું કે આસામના મૂળ લોકો અને બહારથી આવેલા લોકોમાં તફાવત છે. બહારથી આવેલા બાંગ્લાદેશી મુસ્લિમો પોતાના રિવાજો છોડીને આસામની સંસ્કૃતિ અપનાવી શકે તો તેઓ ક્યારેક મૂળનિવાસી બની શકશે.

જમ્મુ અને કાશ્મીર પછી આસામમાં મુસ્લિમોની વસતી બીજા ક્રમ પર સૌથી વધુ છે. ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે આસામની કુલ વસતીમાં મુસ્લિમોનો હિસ્સો ૩૪ ટકા છે. અહીં મુસ્લિમો બે અલગ અલગ જાતિમાં વિભાજિત છે. તેમાં બંગાળી ભાષી અને બાંગ્લાદેશના મુસ્લિમો તથા અસમીયા ભાષા બોલતા સ્થાનિક મુસ્લિમો છે.

વર્ષ ૨૦૨૨માં આસામની કેબિનેટે રાજ્યમાં લગભગ ૪૦ લાખ અસમિયા ભાષી મુસલમાનોને એક પેટા જૂથ તરીકે માન્યતા આપી હતી. તેના કારણે મુસ્લિમોના બે જૂથ વચ્ચે તફાવત નક્કી થઈ ગયો હતો. આ મુસ્લિમો પાસે બાંગ્લાદેશને લગતો કોઈ ઈતિહાસ નથી. તેમને સ્વદેશી અસમિયા મુસલમાન પણ કહેવામાં આવે છે. તેમાં ગોરિયા, મોરિયા, જોલા, દેસી અને સૈયદ એમ પાંચ સમૂહ સામેલ છે. જોલા મુસલમાનો માત્ર ચાના બગીચામાં કામ કરે છે.




વેદ મર્મજ્ઞ ,પ્રખર વક્તા ,વરિષ્ઠ રાજનિતિક વિશ્લેષક ,લોકપ્રિય ગઝલગાયક ,સફળ ઉદ્યોગપતિ એવા શ્રી મુકેશ ભાઈ ઓઝા ના યુવાનો માટે પ્રેરક સંદેશ પાઠવવા બદલ સાબરમતી સવેરા અખબાર તરફ થી ખુબ ખુબ અભિનંદન ,

આભાર સહ ,કાર્યાલય :સાબરમતી સવેરા

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમ એક્ઝિટ મેનેજમેન્ટના મુદ્દાઓને લઈને ટીકાઓનો સામનો કરી રહ્યું છે

અમદાવાદ,

ભારત - ૨૪ માર્ચ, ૨૦૨૪

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, જે અગાઉ મોટેરા સ્ટેડિયમ તરીકે ઓળખાતું હતું, જે અમદાવાદ, ગુજરાતમાં આવેલું છે, તે વૈશ્વિક સ્તરે સૌથી મોટં ક્રિકેટ સ્ટેડિયમ તરીકે ઊંચું છે, જેમાં ૧૩૨,૦૦૦ દર્શકોની આશ્ચર્યજનક બેઠક ક્ષમતા છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશન (જીઝ્રછ) દ્વારા સંચાલિત, આ આર્કિટેક્ચરલ અજાયબીએ ચાર ડ્રેસિંગ રૂમ, ૧૧ સેન્ટર પિચ અને બે પ્રેક્ટિસ ગ્રાઉન્ડ સહિત તેની અત્યાધુનિક સુવિધાઓ માટે આંતરરાષ્ટ્રીય પ્રશંસા મેળવી છે.

જો કે, તેની ભવ્યતા અને વિશ્વ-કક્ષાની સુવિધાઓ હોવા છતાં, સ્ટેડિયમ તેની એક્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમને લઈને વિવાદમાં ફસાયેલું જોવા મળે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચો યોજવા માટે રચાયેલ, સ્ટેડિયમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરે એક નિર્ણાયક પાસાને અવગણ્યું હોય તેવું લાગે છે - ઘટના પછી હજારો પ્રેક્ષકોનું સરળ બહાર નીકળવું.

તાજેતરના અનુભવોએ બહાર નીકળવાની પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત લોકો દ્વારા સામનો કરવામાં આવતા નોંધપાત્ર પડકારોને પ્રકાશિત કર્યા છે. હાઈ-પ્રોફાઈલ મેચો, જેમ કે વર્લ્ડ કપના મુકાબલો પછી, સમર્થકોએ જાણ કરી છે કે કેટલાંકે પરિસરમાંથી બહાર જવાના પ્રયાસમાં ચાર કલાક સુધીનો સમય પસાર કર્યો છે. આવા વિલંબથી સામાન્ય જનતાને માત્ર અસુવિધા જ નથી થતી પરંતુ સુરક્ષા અને ભીડ નિયંત્રણને લગતી ચિંતાઓ પણ ઊભી થાય છે.

વીઆઈપી અને વીવીઆઈપી મહેમાનોના પ્રસ્થાનથી સંકુચિત બનેલા સાંકડા એક્ઝિટ ગેટ પરિસ્થિતિને વધારે છે અને લોકોના પ્રવાહમાં અવરોધ ઉભો કરે છે. આ ખામીઓ સ્ટેડિયમના બાંધકામમાં સામેલ આયોજન અને અગમચેતી વિશે સંબંધિત પ્રશ્નો ઉભા કરે છે, ખાસ કરીને તેના ?૮૦૦ કરોડના આશ્ચર્યજનક બજેટને ધ્યાનમાં રાખીને

વિવેચકો દલીલ કરે છે કે જ્યારે વિશ્વ-કક્ષાના રમતગમતના મેદાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હશે, ત્યારે ભીડ વ્યવસ્થાપન અને કટોકટીની સજ્જતા જેવા આવશ્યક પાસાઓ પર અપૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું. તાજેતરની ઘટનાઓના પ્રકાશમાં, ખાસ કરીને અણધારી કટોકટી અથવા કટોકટીની સ્થિતિમાં, આવી ખામીઓના સંભવિત વિભાજન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

સ્પોટલાઈટ હવે સ્ટેડિયમના વિકાસ અને સંચાલન માટે જવાબદાર અધિકારીઓ તરફ વળ્યું છે, જે દેખરેખ માટે જવાબદારીની માંગ કરે છે. એક્ઝિટ મેનેજમેન્ટના મુદ્દાઓને ઉકેલવા અને ભાવિ ઈવેન્ટ્સમાં દર્શકોની સલામતી અને સગવડતા સુનિશ્ચિત કરવા માટે જે પગલાં લેવામાં આવશે તે અંગે પ્રશ્નો લંબાય છે.

જેમ જેમ ચર્ચાઓ થાય છે, તેમ તેમ જીઝ્રછ અને સંબંધિત જિલ્લા સ્થાનિક હિતધારકો પર પ્રકરણની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને જોખમી રીતે બહાર નીકળવા માટે નિશ્ચિત ઉકેલો માટે નિશ્ચિત કરવામાં આવે છે. ચુંટણી મોદી સ્ટેડિયમનું ભાવિ સંતુલિત લલના કે તે વિરોધ કારણભૂત છે કે ભૂપ્રદેશ નેવિગેટ કરે છે, તેના સમર્થકો દ્વારા પડકારવામાં તમારી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

શ્રેષ્ઠતાની શોધમાં, તે અનિવાર્ય રહે છે કે આ ખામીઓમાંથી શીખેલા પાઠ વ્યાપક સુધારાઓ માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપે છે, તેની ખાતરી કરીને કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તેના મુલાકાતીઓની સલામતી અને સંતોષને પ્રાથમિકતા આપતા રમતગમતના પરાક્રમ અને આતિથ્યના દીવાદાંડી તરીકે ચમકતું રહે.. (અંકીત જૈન)

### દેશમાં રાફેટ જેટ લાવવામાં હતી મુખ્ય ભૂમિકા

# પૂર્વ વાયુસેના પ્રમુખ આરકેએસ ભદૌરિયા ભાજપમાં થયા સામેલ

## ભદૌરિયા ભાજપના મહાસચિવ વિનોદ તાવડે અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા




નવી દિલ્હી, તા.૨૪

પૂર્વ એરફોર્સ ચીફ એર ચીફ માર્શલ (નિવૃત્ત) આરકેએસ ભદૌરિયા આજે ભાજપમાં જોડાયા હતા.

એર ચીફ માર્શલ (નિવૃત્ત) આરકેએસ ભદૌરિયા ભાજપના મહાસચિવ વિનોદ તાવડે અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા. આગામી મહિનાથી લોકસભા ચૂંટણી માટે મતદાન શરૂ થવાનું છે તેવા સમયે જ પૂર્વ વાયુસેના પ્રમુખ એવા સમયે ભાજપમાં જોડાયા છે. દેશમાં રાફેલ જેટ લાવવામાં તેમની મુખ્ય ભૂમિકા હતી.

પોતાના નિર્ણય માટે નિવૃત્ત એર ચીફ માર્શલે વડાપ્રધાન મોદી અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સહિત ઘણા નેતાઓનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું, હું ખૂબ જ ભાગ્યશાળી છું કે હું મારા જીવનના ૪૦ વર્ષથી વધુ સમય ભારતીય વાયુસેના માટે કામ કરી શક્યો છું. તે ખૂબ જ ગર્વની વાત છે. આ સમયગાળા દરમિયાન, સૌથી સુવર્ણ તક મળી છે જે. મારી સેવાના છેલ્લા સમયગાળા દરમિયાન આવ્યો હતો. છેલ્લા ૮ થી ૧૦ વર્ષમાં આ પક્ષની સરકાર દ્વારા ભારતીય દળોને મજબૂત કરવા, તેમને આત્મનિર્ભર બનાવવા અને આધુનિક બનાવવા માટે લેવામાં આવેલા આકરા પગલાઓએ આપણા દળોની ક્ષમતાઓ વિકસાવી છે.આની સાથે જ દળોમાં નવો આત્મવિશ્વાસ અને આત્મનિર્ભર બનવાની પ્રક્રિયા શરૂ થઈ છે. તેની અસર જમીન પર પણ જોવા મળી રહી છે. આનાથી આપણને સ્વદેશી ક્ષમતાઓ પણ મળશે.

રાકેશ કુમાર સિંહ ભદૌરિયા મૂળ ઉત્તર પ્રદેશના છે. ભારતને મજબૂત કરવા માટે ૩૬ રાફેલ વિમાનની ખરીદી માટે રચાયેલી ટીમનો તે મહત્વનો ભાગ હતા. રાકેશ કુમાર સિંહ ભદૌરિયા ભારતીય વાયુસેનાના શ્રેષ્ઠ પાઈલટ્સમાંથી એક છે. અત્યાર સુધીમાં તે રાફેલ સહિત ૨૮ થી વધુ પ્રકારના ફાઈટર અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ ઉડાવી ચૂક્યા છે.

એર માર્શલ ભદૌરિયા CAT 'A' શ્રેણીના ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર અને પાઈલટ એટેક ઈન્સ્ટ્રક્ટર પણ છે. તેમની કાર્યક્ષમ ઓપરેશનલ ક્ષમતાને કારણે, તેમને વર્ષ ૨૦૦૨માં વાયુ સેના મેડલ, વર્ષ ૨૦૧૩માં અતિ વિશેષ સેવા મેડલ અને વર્ષ ૨૦૧૮માં પરમ વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.આરકેએસ ભદૌરિયા ભારતીય વાયુસેનાના જગુઆર સ્ક્વોડ્રન અને દક્ષિણ પશ્ચિમ સરહદ પર સ્થિત એક મુખ્ય એરફોર્સ સ્ટેશનના વડા પણ રહી ચૂક્યા છે. એર માર્શલ ભદૌરિયા એરક્રાફ્ટ અને સિસ્ટમ્સ ટેસ્ટિંગ એસ્ટાબ્લિશમેન્ટમાં ફ્લાઈટ ટેસ્ટ સ્ક્વોડ્રનના કમાન્ડિંગ ઓફિસર પણ રહી ચૂક્યા છે. આ જ સંસ્થાએ ભારતના પ્રથમ સ્વદેશી ફાઈટર એરક્રાફ્ટ એલસીએ તેજસની પ્રાથમિક ઉડાનનું સંચાલન કર્યું હતું.

## તંત્રી લેખ.................

તંત્રી : મુકેશકુમાર હનુમાનપ્રસાદ અગ્રવાલ

# સુરતના કાપોદ્રા વિસ્તારમાં નકલી જન સુવિધા કેન્દ્ર ઝડપાયું

કાપોદ્રા ખાતે આવેલી ભગવતી કન્સલ્ટન્સીના નામે બોગસ નાગરિક સુવિધા કેન્દ્રમાં સિટી પ્રાંત અધિકારી અને પોલીસે રેઈડ કરી હતી. અને બોગસ દાખલા અને યોજનાનાં કાર્ડ બનાવી આપનારની સામે ફરિયાદ દાખલ કરવામાં કરી સંચાલકની ધરપકડ કરવામાં આવી હતી. જ્યાંથી પોલીસે આવકના દાખલા, પાનકાર્ડ, આધારકાર્ડ, કોમ્પ્યુટર, હાર્ડ ડિસ્ક સહિતના મહત્વના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા હતા.

પુણા ઝોન ઓફિસ વિસ્તારમાં પુણા ગામ પાસે કિરણ ચોક ભગવતી કૃપા સોસાયટી સ્થિત જલારામ કોમ્પ્લેક્સમાં દુકાન નં.૧માં ભગવતી કન્સલ્ટન્સી નામની દુકાનમાં ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવી આપવાની માહિતી સિટી પ્રાંત અધિકારી વિક્રમસિંહ ભંડેરીને મળી હતી. સિટી પ્રાંત અધિકારીએ આ અંગે પુણા મામલતદાર રોશની પટેલ સહિત તેમના નાયબ મામલતદાર અને તલાટીઓને કાર્યવાહીની સૂચના આપી હતી. ત્યાં જઈને ચેક કરતાં ભગવતી કન્સલ્ટન્સી તથા જન સુવિધા કેન્દ્રના નામે દુકાન હતી, જેમાં તમામ પ્રકારની સરકારી યોજનાનાં કાર્ડ અને દાખલા બનાવાતાં હતાં.

દુકાનમાં ખાનગી રીતે વોચ રાખી તપાસ કરતાં દુકાનમાં આવતા ગ્રાહકો પાસેથી પૈસા લઈ ડુપ્લિકેટ અલગ અલગ કાર્ડ તથા દાખલા કાઢી આપતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી સ્થાનિક પોલીસના અધિકારીઓની મદદ લઈ ઓપરેશન કરાયું હતું. દુકાનમાં રેઈડ કરતાં અંદર એક વ્યક્તિ બેઠી હતી. તેનું નામ પૂછતાં નિકુંજ ભાવચંદ દુધાત હોવાનું જણાવ્યું હતું. અને પોતે છેલ્લા દોઢ-બે વર્ષથી આ દુકાન ભાડે ચલાવતો હોવાનું અને દુકાનના માલિક હરેશ લુણાગરિયા હોવાનું જણાવ્યું હતું.

તેની પાસે ગુમાસ્તાનું લાઈસન્સ પણ ન હતું. રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારની પરવાનગી વગર જનસુવિધા કેન્દ્ર ચલાવતો હતો. દુકાનની અંદર તપાસ કરતાં અલગ અલગ યોજનાના લોકોના નામે દાખલા, રાશનકાર્ડ, ફોર્મ પડેલા હતા. પોલીસે આ અંગે ફરિયાદ દાખલ કરી સંચાલક નિકુંજની ધરપકડ કરી હતી.

સુરત મનપાનું રાખોલીયા જયશુખભાઈ ભીખુભાઈના નામનું ટેનામેન્ટ લખી બનાવટી નકલ બનાવી હતી. તે અને લેપટોપમાં ડુપ્લિકેટ પ્રમાણપત્રો, દાખલા સિક્કાવાળા અને સહી વગરના વર્ડ ફાઈલમાં બનાવતો હતો. દુકાનમાંથી એક કોમ્પ્યુટર, મંત્રા ડિવાઈઝ, થમ્બ ડિઝ, પ્રિન્ટર, ૧૦ કોરા પીવીસી કાર્ડ, સ્ટેમ્પ, મોબાઈલ ફોન, હિસાબના ચોપડા, ૧૦ આટીઈનાં ફોર્મ, ૨૩ રાશનકાર્ડ, ૪૫ આવકના દાખલા સહિતનો મુદામાલ મળી આવ્યો હતો

ઉપરાંત આધારકાર્ડ, પાનકાર્ડ, પાસપોર્ટ, રાશનકાર્ડ, મેરેજ સર્ટિ., લાઈસન્સ, આયુષ્યમાન કાર્ડ, આવકનો દાખલો, બિન અનામત, ઈડબ્લ્યુએસ દાખલો, વિધવા સહાય યોજના કુવરબાઈ મામેરૂ યોજના, વ્હાલી દીકરી યોજના, આરટીઈ યોજના જેવી કામગીરીનું બોડ માર્યું હતું.

# ઝીલ મહેતા બાળપણના મિત્ર સાથે બે રિવાજોથી લગ્ન કરશે

## લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને તે ખૂબ ઉત્સાહિત છે, ઝીલના કહેવા પ્રમાણે, તેના લગ્નમાં ચાર-પાંચ ફંકશન થશે



મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુ ભીડેનો રોલ કરી ચૂકેલી ઝીલ મહેતાના હવે લગ્ન થવાના છે. ઝીલ મહેતાએ એક્ટિંગની દુનિયામાંથી તો વિદાય લઈ લીધી છે પરંતુ સોશિયલ મીડિયા થકી તે ફેન્સ સાથે જોડાયેલી રહે છે. થોડા વખત પહેલા જ તેણે બોયફ્રેન્ડે કરેલા પ્રપોઝલનો વિડીયો શેર કર્યો હતો. હવે તેણે પોતાના લગ્નની ડિટેલ્સ વિશે પણ ખુલાસો કર્યો છે. ઝીલ મહેતા તેના બાળપણના મિત્ર આદિત્ય સાથે લગ્ન કરવાની છે. ઝીલ મહેતા ગુજરાતી છે જ્યારે આદિત્ય નોર્થ ઈન્ડિયન બ્રાહ્મણ છે એટલે લગ્ન બે રિવાજોથી થવાના છે. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં ઝીલે પોતાના લગ્ન, લવસ્ટોરી વિશે ખુલાસો કર્યો છે. એક જાણીતા અખબાર સાથેની વાતચીતમાં ઝીલે જણાવ્યું કે, તે અને આદિત્ય વર્ષના અંતે લગ્ન કરી લેશે. લગ્નની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને તે ખૂબ ઉત્સાહિત છે. ઝીલના કહેવા પ્રમાણે, તેના લગ્નમાં ચાર-પાંચ ફંક્શન થશે. જેમાં પીઠીથી લઈને મહેંદી અને સંગીતનો પણ સમાવેશ થાય છે. રસપ્રદ વાત તો એ છે કે, ઝીલ અને આદિત્ય સાત નહીં પણ બે જ ફેરા લેશે. ઝીલે જણાવ્યું કે, તેણી ગુજરાતી અને આદિત્ય નોર્થ ઈન્ડિયન બ્રાહ્મણ હોવાથી તેઓ એક ફેરો ગુજરાતી સ્ટાઈલથી અને બીજો નોર્થ ઈન્ડિયન સ્ટાઈલથી લેશે. આ ગ્રાન્ડ વેડિંગમાં ડાન્સ પણ ખૂબ થવાનો છે અને તેની તૈયારી શરૂ થઈ ગઈ છે. ઝીલના કહેવા પ્રમાણે, તેનો અને આદિત્યનો પરિવાર લાંબા સમયથી એકબીજાને જાણે છે. પરંતુ સગપણ માટે ઝીલના માતાપિતા તૈયાર નહોતા. તેઓ ઈચ્છતા હતા કે તેમની દીકરી પોતાના જ સમાજમાં લગ્ન કરે. પરંતુ બાદમાં તેઓ માની ગયા. તેઓ આદિત્યને જમાઈ નહીં પોતાનો દીકરો જ માને છે. ઝીલ મહેતાએ જણાવ્યું કે, તે અને આદિત્ય એકબીજાને કોલેજ કાળથી ડેટ કરી રહ્યા છે. બંને એકબીજાથી ઘણાં અલગ છે પરંતુ તેમના પરિવારના મૂલ્યો સમાન છે. ઝીલ અને આદિત્યની સગાઈ ચાલુ વર્ષે માર્ચ મહિનામાં થઈ છે. જેની તસવીરો ઝીલે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. કરિયરની વાત કરીએ તો, એક્ટિંગ છોડીને ઝીલ હવે મેકઅપ આર્ટિસ્ટ બની ગઈ છે. તેનું પોતાનું પાર્લર અને મેકઅપ ટ્યૂટોરિયલ બિઝનેસ છે. ઝીલે અભ્યાસ પર ધ્યાન આપવા માટે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરિયલ છોડી દીધી હતી. શો શરૂ થયો ત્યારથી લગભગ પાંચેક વર્ષથી ઝીલ તેનો ભાગ રહી હતી. ઝીલ મહેતાએ અભ્યાસ પૂરો કર્યા પછી કેટલાય સ્ટાર્ટ અપ બિઝનેસ સાથે હાથ મિલાવ્યો હતો. તે હવે 'સેફ સ્ટુડન્ટ હાઉસિંગ' નામનો બિઝનેસ કરી રહી છે. જેમાં તે અને આદિત્ય મુંબઈ આવતાં વિદ્યાર્થીઓને ખાવાપીવાની અને રહેવાની વ્યવસ્થા કરી આપવામાં મદદ કરે છે.

### બન્યા પુરસ્કાર મેળવનાર પ્રથમ વિદેશી રાષ્ટ્ર્ધ્યક્ષ

# ભૂતાનમાં પીએ મોદીને મળ્યું સર્વોચ્ચ નાગરિક સન્માન

થિમ્પૂ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભુતાનમાં સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું છે. ભૂતાનમાં આ સન્માન મેળવનાર તે પ્રથમ વ્યક્તિ છે જેમને અન્ય દેશના વડા તરીકે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો છે. ભૂતાનમાં, 'ઓર્ડર ઓફ ધ ડ્રૂક ગ્યાલ્પો' અત્યાર સુધી માત્ર ભૂતાની વ્યક્તિઓને જ આપવામાં આવ્યો છે. ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુકે તેમની મુલાકાતના પહેલા જ દિવસે પીએમ મોદીને આ એવોર્ડથી સન્માનિત કર્યા છે.

અત્યાર સુધી આ એવોર્ડ માત્ર ચાર પ્રતિષ્ઠિત લોકોને આપવામાં આવ્યો છે. અગાઉ ૨૦૦૮માં આ એવોર્ડ રોયલ ક્વીન આશી કેસાંગ વાંગચુકને આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. પીએમ મોદીએ આ માટે ભૂતાનના રાજાનો આભાર માન્યો હતો. તમને જણાવી દઈએ કે આ એવોર્ડ માત્ર ભૂતાનના સ્થાપિત પદો માટે જ આપવામાં આવ્યો હતો. તેને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ગણવામાં આવે છે. આ પુરસ્કાર ૨૦૦૮માં જ ભૂતાનના ૬૮મા ખેન્પો તેનઝીન ડેટઅપને આપવામાં આવ્યો હતો. ૨૦૧૮ માં જે ખેન્પો ટૂલ્કુ નગાવાંગ જિગ્મે ચોએદ્રાને પણ આપવામાં આવ્યું હતું. જે ખેન્પો ભૂતાનની મધ્ય મઠના સંસ્થાના વડા છે.

તમને જણાવી દઈએ કે શુક્રવારે ભૂતાન પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ ભૂતાનના યુવાનોના જૂથે શુક્રવારે દેશમાં તેમનું સ્વાગત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લખેલા ગરબા ગીત પર ડાન્સ કર્યો હતો.

અગાઉ, વડા પ્રધાન મોદી 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ હેઠળ ભૂતાન સાથે ભારતના અનન્ય સંબંધોને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે બે દિવસની રાજ્ય મુલાકાતે ભૂતાન પહોંચ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન મોદીનું ખાસ સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂતાનના યુવાનોના એક જૂથે તાજેતરમાં મોદી દ્વારા લખેલા ગીત પર ગરબા રજૂ કર્યા હતા.

મોદીએ તેનો ડાન્સ જોયો અને પ્રદર્શનના અંતે તેની પ્રશંસા કરી. પારો એરપોર્ટ પર વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમનું એરપોર્ટ પર ભૂતાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ સ્વાગત કર્યું હતું. પારો ઈન્ટરનેશનલ એરપોર્ટથી થિમ્પુ સુધીના ૪૫ કિમી લાંબા રૂટને ભારત અને ભૂતાનના રાષ્ટ્ર્ધ્વજથી શણગારવામાં આવ્યો હતો અને રૂટની બંને બાજુ ઉભેલા ભૂતાની લોકોએ વડાપ્રધાન મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

ભૂતાનના વડા પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર હિન્દીમાં લખ્યું, "ભૂતાનમાં આપનું સ્વાગત છે, મારા મોટા ભાઈ." મોદીને આવકારવા માટે રાજધાની થિમ્પુમાં મોટા બેનર લગાવવામાં આવ્યા છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે આ મુલાકાત બંને પક્ષોને પરસ્પર હિતની દ્વિપક્ષીય અને પ્રાદેશિક બાબતો પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવાની અને બંને દેશોના લોકોના લાભ માટે અમારી પરસ્પર અનુકરણીય ભાગીદારીને વિસ્તૃત અને મજબૂત કરવાના માર્ગો અને માધ્યમો પર વિચાર કરવાની મંજૂરી આપશે. ચર્ચાની તક પૂરી પાડશે.

### બીજેડી સાથે ન થયું ગઠબંધન

# ઓડિશામાં ભાજપ હવે એકલા હાથે લડશે ચૂંટણી

## ભાજપ-બીજુ જનતા દળ વચ્ચે લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે બેઠકો પર કોઈપણ સમજૂતી થઈ નથી

નવી દિલ્હી,

ઓડિશામાં, ભારતીય જનતા પાર્ટી અને બીજુ જનતા દળ (BJD) વચ્ચે વિધાનસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણી માટે બેઠકો પર કોઈ સમજૂતી થઈ નથી. ઓડિશામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલે ટ્વીટ કર્યું કે આ વખતે ભારતીય જનતા પાર્ટી (BJP) તમામ ૨૧ લોકસભા બેઠકો અને તમામ ૧૪૭ વિધાનસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડશે. ઓડિશામાં ભાજપ એકલા હાથે ચૂંટણી લડશે.

આપને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ અને બીજેડી વચ્ચે બેઠકો પર સમજૂતીની વાત થઈ હતી અને બંને પક્ષો વચ્ચે ગઠબંધન અંગે સતત અટકળો ચાલી રહી હતી, પરંતુ શુક્રવારે પ્રદેશ અધ્યક્ષના નિવેદન બાદ સ્પષ્ટ થઈ ગયું છે. ઓડિશામાં ભાજપ અને બીજેડી વચ્ચે સીટો પર કોઈ સમજૂતી નથી થઈ.

ઓડિશામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલે ટ્વીટ કર્યું કે, છેલ્લા ૧૦ વર્ષથી નવીન પટનાયકના નેતૃત્વમાં ઓડિશાની બીજેડી રાષ્ટ્રીય મહત્વના ઘણા મુદ્દાઓ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારને સમર્થન આપી રહી છે, આ માટે અમે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. તેમણે કહ્યું હતું કે એવો અનુભવ થયો છે કે દેશમાં જ્યાં પણ ડબલ એન્જિનની સરકાર રહી છે, ત્યાં વિકાસ અને ગરીબ કલ્યાણકારી કાર્યોમાં ઝડપ આવી છે અને રાજ્યએ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે, પરંતુ આજે ઓડિશામાં અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં આવી છે. મોદી સરકાર જમીન પર નથી, પરંતુ તેઓ પહોંચી શકવા સક્ષમ નથી, જેના કારણે ઓડિશાના ગરીબ બહેનો અને ભાઈઓને તેનો લાભ નથી મળી રહ્યો.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ઓડિશાના ૪.૫ કરોડ લોકોની આશાઓ, ઈચ્છાઓ અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) લોકસભાની તમામ ૨૧ બેઠકો જીતશે. વિકસિત ભારત અને વિકસિત ઓડિશા બનાવવા માટે વિધાનસભા ૧૪૭ બેઠકો પર એકલા ચૂંટણી લડશે.

તમને જણાવી દઈએ કે થોડા સમયથી ઓડિશાના સીએમ નવીન પટનાયકની પાર્ટી એનડીએમાં સામેલ થવાની ઘણી અટકળો ચાલી રહી હતી, પરંતુ હવે પ્રદેશ ભાજપ અધ્યક્ષના

# ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી

નવી દિલ્હી,

લોકસભા ચૂંટણીને લઈ આજે ભાજપે તેના ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી છે. ચોથી યાદીમાં પુડુચેરી અને તમિલનાડુના લોકસભા ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ૭ તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણી ૨૦૨૪નો પ્રથમ રાઉન્ડ ૧૯ એપ્રિલે છે. તમિલનાડુ અને પુડુચેરીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન ૧૯ એપ્રિલે જ થશે. જો આપણે ગુજરાતની વાત કરીએ તો ગુજરાત ભાજપે ૪ બેઠકો જેવી કે, મહેસાણા, સુરેન્દ્રનગર, અમરેલી અને જુનાગઢના બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા નથી. આ તરફ રાજ્યની ૨૨ બેઠકોના ઉમેદવાર જાહેર કરી દીધા છે. ભાજપે કોઈમ્બતુરથી તમિલનાડુ ભાજપના અધ્યક્ષ અન્નામલાઈને ટિકિટ આપી છે.

જ્યારે ચેન્નાઈ સાઉથથી તમિલિસાઈ સુંદરરાજન, ચેન્નાઈ સેન્ટ્રલથી વિનોજ પી સેલ્વમ, વેલ્લોરથી એ સી શણમુગમ, કૃષ્ણાગિરીથી સી નરસિમ્હન, નીલગિરીથી એલ મુરુગન, પેરમબલુરથી ટી આર પારિવનધર, થોથુક્કુડીથી નૈનર નાગેન્દ્રન, કન્યાકુમારીથી પોન રાધાકૃષ્ણનને ટિકિટ આપી છે.

ભારતીય જનતા પાર્ટી (BJP) એ આગામી લોકસભા ચૂંટણી માટે તેના ઉમેદવારોની ચોથી યાદી બહાર પાડી છે. ભાજપે પુડુચેરી લોકસભા સીટ પર એ. નમાસિવાયમ તેના ઉમેદવાર તરીકે છે. આ બેઠક હાલમાં કોંગ્રેસ પાસે છે. કોંગ્રેસના વી. વૈથિલિંગમ અહીંથી સાંસદ છે. કોંગ્રેસે તેમને ફરી એકવાર તક આપી છે.

### પુલ તૂટી પડતા એકનું મોત થયું

# બિહારના સુપૌલમાં નિર્માણાધીન પુલ તૂટી પડતા અનેક કામદારો ફસાયા

## આ પુલની લંબાઈ ૧૦.૫ કિલોમીટર છે, તે ભારત માલા પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહ્યું છે



નવી દિલ્હી,

બિહારના સુપૌલમાં શુક્રવારે (૨૨ માર્ચ) સવારે પુલનો ગર્ડર (સ્લેબ) તૂટી પડ્યો હતો. આ ઘટના સવારે સાત વાગ્યાની આસપાસ બની હોવાનું કહેવાય છે. એક મજૂરના મોતની પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટનામાં દટાઈ જવાને કારણે અનેક કામદારો ઘાયલ થયા છે. તેની સંખ્યા હજુ સ્પષ્ટ નથી. આ ઘટના દરમિયાન આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. ૧૫૨, ૧૫૩ અને ૧૫૪ વચ્ચેના પિલરનું ગર્ડર પડી ગયું છે. આ પુલ ૧૨૦૦ કરોડના ખર્ચે બની રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ પુલ સુપૌલના બાકોરમાં બની રહ્યો છે. બ્રિજનું ગર્ડર ધરાશાયી થયા બાદ કંપનીના તમામ લોકો ભાગી ગયા હતા. મળતી માહિતી મુજબ આ બ્રિજનું કામ ટ્રાન્સ રેલ કંપની કરી રહી છે. અહીં ૧૦.૫ કિલોમીટરનો પુલ છે જે ભારત માલા પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવી રહ્યો છે. સુપૌલના બાકોરથી મધુબનીના બેજા સુધી એક પુલ બનાવવામાં આવનાર છે. આ ઘટના બાદ તાત્કાલિક રાહત કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ઘટના બાદ વરિષ્ઠ અધિકારીઓ પણ પહોંચ્યા હતા.

આ સમાચાર લખાય ત્યાં સુધી સુપૌલ એસપીએ જણાવ્યું કે આ ઘટનામાં છ લોકો ઘાયલ થયા છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યો છે. બીજી તરફ ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. શ્યામ નામના વ્યક્તિએ જણાવ્યું કે જે બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે તેની ગુણવત્તા સારી નથી. કામદારોને સલામતીના નામે કંઈ આપવામાં આવતું નથી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર બ્રિજના ગર્ડર નીચે લગભગ ૩૦ કામદારો દટાયા હોવાની શક્યતા છે. ઘણા લોકોને બહાર કાઢીને સારવાર માટે મોટરસાઈકલ દ્વારા સુપૌલ લઈ જવામાં આવ્યા હતા. લોકોએ બ્રિજ કન્સ્ટ્રક્શન કંપની પર ગંભીર આક્ષેપો પણ કર્યા હતા. કહ્યું કે ઘટના બાદ કંપનીનો કોઈ અધિકારી આવ્યો નથી. નાનો સ્ટાફ પણ આવ્યો નથી. સ્થળ પર હાજર ચીફ સુરેન્દ્ર યાદવે કહ્યું કે અમે કંપનીને વારંવાર ફરિયાદ કરતા હતા. ઉલટું અમને જેલમાં મોકલી દેવામાં આવશે તેવી ધમકી આપવામાં આવી હતી. તમે લોકો ખંડણી માંગવા આવો છો. સુરેન્દ્ર યાદવે કહ્યું કે મજૂરોની સંખ્યા ૪૦થી ૫૦ હોઈ શકે છે. ACS પ્રત્યાયા અમૃતે જણાવ્યું કે એક મજૂરનું મોત થયું છે. ૧૦ લાખનું વળતર ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. ડીએમ અને એસપીને તાત્કાલિક તેની તપાસ કરવા માટે કહેવામાં આવ્યું છે. ઘાયલોની સારવાર ચાલી રહી છે.

# લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી

નવી દિલ્હી, ૮

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે કોંગ્રેસે ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. પાર્ટીએ ૫૭ ઉમેદવારોના નામની જાહેરાત કરી. પોતાની ત્રીજી યાદીમાં કોંગ્રેસે ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, પુડુચેરી, રાજસ્થાન, તેલંગણા અને પશ્ચિમ બંગાળની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. અધીર રંજન ચૌધરીને તેમની હાલની સીટ બહરામપુરથી ટિકિટ અપાઈ છે. અહીં તેમનો મુકાબલો પૂર્વ ભારતીય ક્રિકેટર અને ટીએમસી ઉમેદવાર યુસુફ પઠાણ સાથે થશે.

કોંગ્રેસ પાર્ટીએ ગુરુવારે સાંજે લોકસભા ચૂંટણી માટે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત સાત રાજ્યોમાં ૫૭ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી. કોંગ્રેસ પાર્ટીએ આ અગાઉ પહેલી યાદીમાં ૩૯ નામ અને બીજી યાદીમાં ૪૩ નામની જાહેરાત કરી હતી.

કોંગ્રેસે અત્યાર સુધી જે સાત નામ જાહેર કર્યા હતા, જેમાં વધુ ૧૧ નામનો ઉમરો થયો છે. કોંગ્રેસે કોને ટિકિટ આપી તેની વાત કરીએ તો, આણંદથી અમિત ચાવડા, છોટાઉદેપુરથી સુખરામ રાઠવા, પાટણથી ચંદનજી ઠાકોર, અમરેલીથી જેની ઠુમ્મર, સુરતથી નિલેશ કુંભાણી, ખેડા બેઠકથી કાળુ ડાભી, જામનગરથી જે.પી.મારવિયા અને દાહોદથી પ્રભા તાવિયાડને ટિકિટ આપવામાં આવી છે.

અત્રે જણાવવાનું આજે ભાજપે ત્રીજી યાદીમાં ૯ નામની જાહેરાત કરી હતી. ભાજપની ત્રીજી યાદીમાં તમિલનાડુ રાજ્યની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ હતી.

### લોન્ચિંગ બાદ વિમાને સફળ લેન્ડિંગ પણ કર્યું હતું

# ભારતનું ૨૧મી સદીનું પુષ્પક એરક્રાફટ ઈસરોએ કર્યું લોન્ચ

## પુષ્પક પુનઃઉપયોગ કરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન છે. તે એરોપ્લેન જેવું લાગે છે, તેની લંબાઈ ૬.૫ મીટર છે અને તેનું વજન ૧.૭૫ ટન છે, તેને સ્વદેશી સ્પેસ શટલ પણ કહેવામાં આવે છે




નવી દિલ્હી,

**ISRO**એ આજે પુષ્પક એરક્રાફટ સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. લોન્ચિંગ બાદ વિમાને સફળ લેન્ડિંગ પણ કર્યું હતું. **ISRO**એ આજે સવારે ૭ વાગ્યે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે આયોજિત આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. તેને ફરીથી વાપરી શકાય તેવા લોન્ચ વ્હીકલથી લોન્ચ કરવામાં આવ્યું હતું જે એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવે છે. લોન્ચિંગ બાદ વિમાને સફળ લેન્ડિંગ પણ કર્યું હતું. **ISRO**એ આજે સવારે ૭ વાગ્યે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જ ખાતે આયોજિત આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. **RLV LX-02** લેન્ડિંગ પ્રયોગ દ્વારા રિયુઝેબલ લોન્ચ વ્હીકલ ટેકનોલોજીના ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. પુષ્પક પુનઃઉપયોગ કરી શકાય તેવું પ્રક્ષેપણ વાહન છે. તે એરોપ્લેન જેવું લાગે છે. તેની લંબાઈ ૬.૫ મીટર છે અને તેનું વજન ૧.૭૫ ટન છે. તેને સ્વદેશી સ્પેસ શટલ પણ કહેવામાં આવે છે. શુક્રવારે વધુ જટિલ પરિસ્થિતિઓમાં તેની રોબોટિક લેન્ડિંગ ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવશે. અહેવાલ મુજબ, **ISRO**ના અધ્યક્ષ એસ સોમનાથે કહ્યું છે કે પુષ્પક પ્રક્ષેપણ વાહન એ અવકાશની એક્સેસને સૌથી વધુ સસ્તું બનાવવાનો ભારતનો સાહસિક પ્રયાસ છે. આ ભારતનું ભવિષ્યનું પુનઃઉપયોગ કરી શકાય તેવું લોન્ચ વ્હીકલ છે, જ્યાં સૌથી મોંઘો ભાગ ઉપલા સ્ટેજ છે, જેમાં તમામ મોંઘા ઈલેક્ટ્રોનિક્સ છે, એસ સોમનાથે જણાવ્યું હતું. તે સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત આવે છે અને ફરીથી વાપરી શકાય તેવું બનાવવામાં આવે છે. બાદમાં તે ભ્રમણકક્ષામાં ઉપગ્રહોને રિફ્યુઅલ પણ કરી શકે છે અથવા નવીકરણ માટે ઉપગ્રહોને ભ્રમણકક્ષામાંથી પાછા લાવી શકે છે. ભારત અવકાશના કાટમાળને ઘટાડવા માંગે છે અને પુષ્પક પણ તે દિશામાં એક પગલું છે. આ પુષ્પક વિમાનને બનાવવામાં લગભગ એક દાયકાનો સમય લાગ્યો હતો. તેણે સૌપ્રથમ ૨૦૧૬માં શ્રીહરિકોટાથી ઉડાન ભરી હતી અને બંગાળની ખાડીમાં વર્ચ્યુઅલ રનવે પર સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું. તે ક્યારેય પુનઃપ્રાપ્ત થયું ન હતું અને યોજના મુજબ સમુદ્રમાં ડૂબી ગયું હતું. પુષ્પક એરક્રાફટનું બીજું પરીક્ષણ ૨ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ ચિત્રદુર્ગ એરોનોટિકલ ટેસ્ટ રેન્જમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. આરએલવી-એલએક્સ નામના પાંખવાળા રોકેટને આર્મી ચિનૂક હેલિકોપ્ટર દ્વારા હવામાં ઉંચકીને સ્વાયત્ત લેન્ડિંગ માટે રવાના કરવામાં આવ્યું હતું, જ્યાં તે સ્વાયત્ત ઉતરાણ કર્યું. પરીક્ષણ કોઈપણ વિક્ષેપ વિના સફળતાપૂર્વક પૂર્ણ થયું. ઈસરોના વડા એસ સોમનાથે પુષ્પક વિમાનના નામ વિશે જણાવ્યું કે તે ભારતનું પ્રખ્યાત અવકાશયાન છે, જેનો ઉલ્લેખ રામાયણમાં છે, જેને સંપત્તિના દેવતા ભગવાન કુબેરનું વાહન માનવામાં આવે છે. તેથી, ભારતના સૌથી હિંમતવાન ૨૧મી સદીના રોકેટનું નામ પુષ્પક રાખવું યોગ્ય છે. તેમણે કહ્યું, "આશા છે કે, જ્યારે આ લોન્ચર ભવિષ્યમાં વ્યવસાયિક રીતે ઉપલબ્ધ થશે, ત્યારે તે ભારત માટે કમાણી કરનાર સાબિત થઈ શકે છે.



કાંકરીયા બીઆરટીએસ સ્ટેન્ડનું સમારકામ ચાલી રહેલ છે.

## મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે

અમદાવાદ,

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય ૧૨ દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે. રાજ્યની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૦૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC ની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઈ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ **Unique Disability ID(UDID)** કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે.

### ગુજરાતમાં ચૂંટણી ટાણે કાંકરીચાળો થયો

## ભરૂચમાં શંકરાચાર્ય મઠને સળગાવવાનો પ્રયાસ કરાયો

### વિશ્વ હિન્દુ પરિષદે આ ઘટનાને વખોડી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરનારા નરાધમને જલદી ઝડપી લેવા માંગ કરી છે

ભરૂચ,

લોકસભાની ચૂંટણી આવી છે ત્યારે ભરૂચના નવાચોકી ઓવાર ખાતે આવેલા શંકરાચાર્ય મઠ પર કોઈ નરાધમે જઘન્ય કૃત્ય કર્યું. એવું કૃત્ય કર્યું કે જેને ક્યારેય માફ કરી શકાય તેમ નથી. શંકરાચાર્યના મઠને આગને હવાલે કરી દેવાનો તેણે પ્રયાસ કર્યો છે.પરંતુ સમય સુચક્તાથી બધુ બચી ગયું. મોડી રાત્રે કાળા કપડા અને માથા પર જાળીવાળી સફેદ ટોપીમાં આવેલો એક નરાધમ મઠ પર જ્વલનશીલ પદાર્થ છાંટે છે. ત્યારપછી પથ્થરના ઘા મઠ પર કરે છે. એટલું જ નહીં પોતાના થેલામાં રહેલા કેટલાક ઉશ્કેરણીજનક લખાણ લખેલા કાગળ ફેંકે છે. થોડીવાર પછી મઠમાં આગ લગાવીને ફરાર થઈ જાય છે.

મઠમાં આગ લગાવવાના આ દ્રશ્યો સામે આવતા જ સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે. આખરે આ નરાધમ કોણ છે. કોણ છે આ જઘન્ય કૃત્ય કરનારો કોણ છે આ અજાણ્યો વ્યક્તિ જેને બે કોમ લડી મરે તેવો ઈરાદો છે . મોડી રાત્રે લગાવવામાં આવેલી આગને તો બુઝાવી દેવામાં આવી. પરંતુ જ્યારે વહેલી સવારે આ ઘટનાની ખબર વિસ્તારમાં પડી તો મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. ચૂંટણી આવી છે ત્યારે પોલીસનું કોઈ પેટ્રોલિંગ કેમ ન હતું

પોલીસે પણ સમય સુચક્તા દાખવી ત્વરીત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ખુદ જિલ્લા પોલીસ વડા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. પોલીસે શંકરાચાર્ય મઠના મહંતની ફરિયાદ લઈ મઠને આગ લગાવનારા નરાધમને શોધવા માટે ટીમો કામે લગાવી દીધી છે. તો આ ઘટના પછી હિન્દુ સમાજમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે. નર્મદા નદીને કાંઠે આવેલા આસ્થાનું કેન્દ્ર સમાન આ મઠના દુશ્મન કોણ છે પોલીસે મઠની તપાસ કરી તો ઉશ્કેરીજનક લખાણ લખેલા કાગળો પણ મળી આવ્યા હતા. જેમાં સર તન સે જુદા જેવા લખાણો લખાયેલા હતા. પોલીસે આ તમામ સાહિત્ય કબજે કરી લીધું છે. બીજી તરફ વિશ્વ હિન્દુ પરિષદે આ ઘટનાને વખોડી અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરનારા નરાધમને જલદી ઝડપી લેવા માંગ કરી છે.

આ ઘટનાથી અનેક સવાલો થઈ રહ્યા છે. ખાસ પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નો ઉદભવી રહ્યા છે. ચૂંટણી આવી છે ત્યારે પોલીસનું કોઈ પેટ્રોલિંગ કેમ ન હતું એક મોટા મઠનું રક્ષણ ન કરી શક્તી પોલીસ સામાન્ય લોકોને સુરક્ષા આપી શકશે મઠ પર અગાઉ પણ એટેક થયા છે તો કેમ સુરક્ષા નથી અપાતી. કેમ પોલીસ હજુ સુધી આરોપીને પકડી શકી નથી. કેમ રાત્રે આટલી મોટી ઘટના બની છતાં પોલીસ દિવસે આવી. શું રાત્રે પોલીસના જવાનો સુઈ રહ્યા હતા. પોલીસની સામે તો સવાલો છે જ. પરંતુ આ કૃત્ય કરીને આરોપીએ બહુ મોટી ભૂલ કરી હોય તેમ લાગી રહ્યું છે. અપરાધીએ કેમ કોઈ ધાર્મિકસ્થળને નિશાન બનાવ્યું, શું આરોપીનો ઈરાદો બહુ મોટો હતો. આરોપી કોઈ સામાન્ય વ્યક્તિ છે કે પછી મોટો આતંકી. આરોપીના તાર ભરૂચ કે પછી પાકિસ્તાન સાથે જોડાયેલા છે?. જાણીજોઈને આ કૃત્ય કરાયું કે પછી કોઈ ચાલ હતી . જો આ વ્યક્તિ મુસ્લિમ છે તો મુસ્લિમ સમાજના સારા લોકો તેનો વિરોધ કરશે. આવા લોકોથી સમગ્ર સમાજ બદનામ થાય છે તો તેનો ખુલ્લીને વિરોધ કરશે.

### અજાણી વ્યક્તિ ચોરી કરી ફરાર

## જીએસટી વિભાગે જપ્ત કરેલી પાન મસાલાના ટ્રકમાંથી ચોરી

### કુલ રૂપિયા ૬.૪૭ લાખનો પાન મસાલા ચોરી ગયા

અમદાવાદ,

શહેરના આંબાવાડી વિસ્તારમાં જીએસટી વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવેલી પાન મસાલાની ટ્રકમાં રહેલો માલસામાન કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી ગઈ હોવા અંગેની ફ્રિયાદ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જીએસટી વિભાગના અધિકારીઓએ રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલાના બોક્સ તેમજ મીણિયાના થેલા ભરેલી ટ્રક જપ્ત કરી તાડપત્રી સાથે ઢાંકી હતી. તાડપત્રીને કોઈએ કાપી બોક્સ અને થેલા ખોલી કુલ રૂપિયા ૬.૪૭ લાખનો પાન મસાલાનો જથ્થો ચોરી કરી લીધો હતો. એલિસબ્રિજ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા જીએસટી ભવનમાં જીએસટી ઈન્સ્પેક્ટર તરીકે ફ્રજ બજાવતા કુસુમ યાદવે પોલીસ સ્ટેશનમાં ફ્રિયાદ નોંધાવી છે કે, ગત નવેમ્બર ૨૦૨૩માં અસલાલીના રાધાકૃષ્ણ એસ્ટેટમાંથી બે ટ્રકને જપ્ત કરવામાં આવી હતી. બંને ટ્રકને આંબાવાડી ખાતે જીએસટી ભવનમાં લાવવામાં આવી હતી. ટ્રકના ડ્રાઈવર અને બીલટીમાં જે કંપનીનું નામ લખ્યું હતું તેમને ટ્રકમાં ભરેલા માલ સામાનનું વેરિફ્કિેશન કરવા બોલાવ્યા હતા. છતાં તેઓ આવ્યા નહોતા. ૨૮ નવેમ્બરના રોજ તપાસ કરતા તેમાંથી રાજશ્રી અને કમલા પસંદ પાન મસાલા ભરેલા બોક્સ અને મીણિયાના થેલા ભરેલો માલ સામાન હતો. જેને તાડપત્રીથી ઢાંકી દેવામાં આવ્યો હતો. ટ્રકમાં રહેલા માલસામાનમાં લાગતા વળગતા કંપની અને ટ્રેડર્સને આ મામલે નોટિસ આપી અને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ હાજર રહ્યું નહોતું. ટ્રકને છોડાવવા માટે પણ કોઈ આવ્યું નહોતું. જેથી નિયમ અનુસાર તેની જાહેર કરવાની હોવાથી જીએસટી ઈન્સ્પેક્ટર ફેટા પાડવા માટે જીએસટી ભવન ખાતે આ ટ્રક પાસે ગયા ત્યારે તાડપત્રી કાપેલી હતી. જ્યારે તપાસ કરી તો બોક્સ અને મીણિયાના થેલા ખુલ્લા હતા. કુલ ૬.૪૮ લાખનો પાન મસાલાનો જથ્થો કોઈ વ્યક્તિ ચોરી કરી ફ્રાર થઈ ગયું હતું. જેથી આ મામલે એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફ્રિયાદ નોંધાવવામાં આવી હતી.

### કોલેજોમાં લેબ સહિત ઘણી આવશ્યક સુવિધાઓનો અભાવ

## ગુજરાતની ૬ આયુર્વેદ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી

### અમદાવાદ, ગાંધીનગર, કલોલ, મહિસાગર, આણંદ અને ગોધરા જિલ્લામાં આવેલી ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કરવાનો નિર્ણય લીધો

અમદાવાદ,

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ રાજ્યની ઘણી આયુર્વેદિક કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કડક પગલાં લીધા છે. યુનિવર્સિટીએ આ વર્ષે અમદાવાદ, ગાંધીનગર, કલોલ, મહિસાગર, આણંદ અને ગોધરા જિલ્લામાં આવેલી ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં અમદાવાદની એક સરકારી કોલેજનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે સરકારી કોલેજોમાં આવી કડક કાર્યવાહી ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ અમદાવાદની સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજમાં ઓપીડી અને આઈપીડી ત્રણ અલગ-અલગ જગ્યાઓ હોવાથી જોડાણ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. અખંડાનંદ આયુર્વેદ કોલેજ સિવાય બાકીની પાંચ સેલ્ફ ફાયનાન્સ કોલેજોનું જોડાણ રદ કરવામાં આવ્યું છે.

જે કોલેજોનું જોડાણ રદ કરવામાં આવ્યું છે તેમાં સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ, શ્રી બાલા હનુમાન આયુર્વેદ કોલેજ, ગાંધીનગર, અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ, કલોલ, ધન્વન્તરી આયુર્વેદ કોલેજ - હોસ્પિટલ, મહિસાગર, ભાર્ગવ આયુર્વેદ કોલેજ, આણંદ, જય જલારામ આયુર્વેદિક મેડિકલ કોલેજ ગોધરાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કુલ ૨૯ આયુર્વેદ કોલેજો કાર્યરત છે, જેમાં ૨૪૦૦ બેઠકો ઉપલબ્ધ છે. પરંતુ ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ કર્યા બાદ હવે ભવિષ્યમાં રાજ્યની માત્ર ૨૩ આયુર્વેદ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ૬ આયુર્વેદ કોલેજોનું જોડાણ રદ થવાને કારણે રાજ્યમાં આયુર્વેદ ક્ષેત્રની ૩૩૦ બેઠકો ઘટી છે.

## હોળી પહેલા કપાસિયા અને સીંગતેલના ભાવમાં ભડકો

### સિંગતેલ અને કપાસિયા તેલમાં ૧૧૦થી ૧૪૦નો વધારો સિંગતેલના ડબ્બાનો ભાવ ૨ હજાર ૮૪૦ થયો છે

રાજકોટ,

હોળી પહેલા ગુજરાતના નાગરિકો પર મોંઘવારીનો માર પડ્યો છે. હોળીના તહેવાર પહેલા કપાસિયા તેલ અને સીંગતેલના ભાવમાં ભડકો થયો છે. સીંગતેલમાં ડબ્બામાં સટ્ટાકીય ભાવ વધારો નોંધાયો છે. સીંગતેલ અને કપાસિયા તેલમાં ૧૧૦ થી ૧૪૦ રૂપિયાનો પ્રતિ ડબ્બે વધારો નોંધાયો છે. આ સાથે જ રાજકોટમાં આજે ખૂલતા બજારે સીંગતેલ ડબ્બો ૨૭૪૦ થી વધીને ૨૮૪૦ સુધી પહોંચી ગયો છે. તો કપાસિયા તેલનો ડબ્બો ૧૬૪૦ થી વધીને ૧૭૪૦ ને પાર પહોંચી ગયો છે. એક સપ્તાહમાં ડિમાન્ડ ન હોવા છતા સટોડિયાઓ દ્વારા કૃત્રિમ ભાવ વધારો કરી નાંખ્યો હોવાનું અનુમાન છે.

ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારા ઝીંકાઈ રહ્યાં છે. જેને કારણે નાગરિકો પર મોંઘવારીનો માર પડી રહ્યો હતો. પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા. પરંતુ હવે ૨૦૨૪ માં ફરી આ વધારો ચાલુ થયો છે. ત્યારે ગત ફેબ્રુઆરી મહિનામાં જ તેલના ભાવમાં વધારો કરાયો હતો સીંગતેલના ભાવમાં સીધો ૫૦ રૂપિયાનો વધારો કરાયો હતો. ત્યારે માર્ચ મહિનાના અંતમાં તેલના ભાવમાં ફરી વધારો ઝીંકાયો છે. હોળીના તહેવાર પહેલા લોકો પર મોંઘવારીનો માર ઝીંકાયો છે. ગુજરાતમાં હંમેશા તહેવારો પહેલા જ તેલના ભાવમાં વધારો કરી દેવામાં આવે છે. જેથી લોકોનો તહેવાર બગડે છે.

આ વખતે પણ હોળી પહેલા સીંગતેલ ડબ્બો ૨૭૪૦ થી વધીને ૨૮૪૦ સુધી પહોંચી ગયો છે. તો કપાસિયા તેલનો ડબ્બો ૧૬૪૦ થી વધીને ૧૭૪૦ ને પાર પહોંચી ગયો છે.

## અફઘાનિસ્તાનનું ડેલિગેશન ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યું

### અફઘાનિસ્તાનના ડેલીગેશને સિન્ડિકેટ રૂમમાં અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ સાથે જ બેઠક કરી હતી

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ સાથે થયેલી મારામારીની ઘટનામાં અફઘાનિસ્તાનનું ડેલિગેશન ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યું હતું. કુલપતિ નીરજા ગુપ્તાએ જ અફઘાનિસ્તાનના ડેલિગેશનને બેઠક માટે બોલાવ્યું હતું. હોસ્ટેલ બાદ અફઘાનિસ્તાનનું ડેલિગેશન કુલપતિની ઓફિસ પહોંચ્યું હતું.

અફઘાનિસ્તાનના ડેલીગેશને માત્ર કુલપતિ ઓફિસની બાજુમાં આવેલા સિન્ડિકેટ રૂમમાં અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ સાથે જ બેઠક કરી હતી. બાદમાં ડેલીગેશન પોલીસ કમિશનર કચેરીએ CP જી.એસ. મલિકને મળવા રવાના થયું હતું.

અફઘાનિસ્તાન ડેલીગેશનના ઝાકિયા વર્દિકે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાન અને ભારતના સંબધો ઘણા મજબૂત છે, આ ઈસ્યુને મોટો કરવાની જરૂર નથી અથવા તો રાજનૈતિક રંગ આપવાની જરૂર નથી. અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ અહીં પાંચ વર્ષથી અભ્યાસ કરે છે. અમે વિદ્યાર્થીઓને મળી તેમની સાથે વાતચીત કરી છે. તેઓએ કહ્યું છે કે, અમને અહીં કોઈ સમસ્યા નહીં થાય. હજી અમે પોલીસ કમિશનર અને વાઈસ ચાન્સેલરને પણ મળીશું.

અહીંયા અમારા સ્ટુડન્ટ્સ સુરક્ષિત છે. કોઈ એક ઘટના બની ગઈ હતી પણ આપણે તે ઘટનાને મોટી કરવાની જરૂર નથી. અમારા સ્ટુડન્ટ્સ માટે ભારત ઘર સમાન છે. એના લોકો અમારા ભાઈ-બહેન છે.

કોઈ એક ઘટનાને પોલિટિકલ રંગ ના આપવો જોઈએ. કેમ કે, ભારત અને અફઘાનિસ્તાનના સંબંધો બહુ જૂના અને મૈત્રીપૂર્ણ રહ્યા છે. અમારા સ્ટુડન્ટસ અહીંયા પાંચ વર્ષ કરતા પણ વધુ વર્ષથી ભણી રહ્યા છે, તેમને અહીંયા સારું લાગી રહ્યું છે. ખાલી એક ઘટના બની છે તેના માટે અને કમિશનર ઓફ પોલીસને મળીશું.

વધુમાં જણાવ્યું હતું કે, ચિંતા જેવી કોઈ બાબત નથી. છેલ્લા પાંચ વર્ષથી અમારા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી રહ્યા છે. તેઓ બધા સાથે ભાઈચારો રાખીને રહે છે. કોઈ મોટી ચિંતા નથી.

યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ એકદમ ફ્રેન્ડલી છે. અમારા વિદ્યાર્થીઓ માટે આ બીજું ઘર છે, અમને ભારતના ન્યાયમાં વિશ્વાસ હોવાથી અમારે ચિંતા કરવાની જરૂર નથી. છેલ્લા ૨૦-૨૫ વર્ષથી અમારા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે આવે છે અને કોઈ તકલીફ નથી. જો ભવિષ્યમાં કોઈ એવી ઘટના બનશે તો પોલીસ કમિશનરની મદદ લેવાશે, અમે તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સુરક્ષા ઈચ્છીએ છીએ. તમામ ભારતીયો અમારા ભાઈ-બહેન છે. અમે આ મુદ્દાને મોટો અને રાજકીય બનાવવા માગતા નથી.

## ગુજરાતમાં જીરુંનાં ભાવે ખેડૂતોને કર્યા નિરાશ

### ગત વર્ષે જીરુંના ભાવ ૧૨૦૦૦ રૂપિયા રહ્યાં હતાં, પરંતુ આ વર્ષ તેના અડધા ભાવ પણ ખેડૂતોને મળતા નથી

જામનગર,

જીરુંના ગત વર્ષે જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં ૧૦,૦૦૦ રૂપિયાથી લઈ ૧૨,૦૦૦ રૂપિયા જેવા મણદીઠ ઐતિહાસિક ભાવ મળ્યા હતા. જેથી ખેડૂતો ખૂબ ખુશ થયા હતા અને ખેડૂતોએ આ વર્ષે પણ હોંશભેર વાવેતર કર્યું હતું અને સારા ભાવની આશા સાથે ખુબ ખર્ચ કરીને જીરુંની માવજત સાથે ઉત્પાદન પણ સારું કર્યું હતું. પરંતુ હવે જીરું વેચવા ખેડૂતો જઈ રહ્યા છે, ત્યારે પૂરતો ભાવ ન મળતા ખેડૂતો નિરાશામાં ધકેલાઈ રહ્યા છે. કારણ કે, અત્યારે જીરુંના ભાવ ૩૦૦૦ રૂપિયાથી ૫,૦૦૦ રૂપિયા જેવા જ મળી રહ્યા છે. હાપા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી હિતેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર જીરુંનો ભાવ એ એક્સપોર્ટ અને અન્ય રાજયમાં તેમજ જિલ્લામાં જીરુંના થતા ઉત્પાદનને આધારિત હોય છે. ગત સીઝનમાં જીરુંનું ઉત્પાદન અન્ય રાજયમાં ઓછું થયું હોવાથી જીરુંના ખૂબ સારા ભાવ રહ્યા હતા અને અત્યાર સુધીના સૌથી સારા ભાવ રહ્યા હતા. જેની સરખામણીએ ચાલુ વર્ષે જીરુંનું અન્ય દેશોમાં માંગ ઘટી હોય ઉપરાંત અન્ય રાજયમાં ઉત્પાદન સારું એવું નોંધાયું હોવાથી જીરુંના ભાવ ઘટી રહ્યા છે. બીજી બાજુ જીરુંની ગુણવત્તાને લઈને પણ ખેડૂતોને માર પડી રહ્યો છે. આથી ભાવમાં ગત વર્ષની સરખામણીએ સૌથી મોટો કડાકો નોંધાયો છે. હાલ યાર્ડમાં સરેરાશ ૪,૦૦૦ થી ૫,૦૦૦ મણ જીરું ઠલવાઈ રહ્યું છે.

જયારે તેના ભાવ ૩ હજારથી લઈ ૫ હજાર સુધીના બોલાઈ રહ્યા છે. જે ખૂબ ઓછા હોવાથી ખેડૂતો મુંજાયા છે. ખેડૂતોએ જંતુનાશક દવા અને મોંઘા બીયારણના ખર્ચ કરવા છતાં પૂરતા ભાવ મળતા ન હોવાથી વળતર ઘટી રહ્યું હતું. આથી ખેડૂતો સરકાર સમક્ષ રાહતનો ખોળો પાથરી ૬ થી ૭ હજાર ભાવ મળે તેવી માંગ ઉઠાવી રહ્યા છે.

### અમેઠીમાં રેલવે વિભાગની બેદરકારીનો મામલો

## આખે આખી ટ્રેનને લોકોએ ધક્કો મારીને પહોંચાડી સ્ટેશન

### ટ્રેન પાટા પર ખરાબ થઈ ત્યારબાદ રેલવે કર્મચારીઓ ટ્રેનને ધક્કો મારીને લૂપ લાઈન પર લઈ ગયા હતા

અમેઠી,

ઉત્તર પ્રદેશના અમેઠીમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યા છે. અહીં થોડા લોકો એક રેલવે એન્જીનને ધક્કો મારતા નજર આવ્યા હતા અને જોઈ વ્યક્તિએ તેનો વિડીયો ઉતાર્યો હતો જે હાલ સોશિયલ મીડીયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. સાથે જ કોંગ્રેસે પણ આ વિડીયોને શેર કરીને અમેઠીના સાંસદ સ્મૃતિ ઈરાની પર નિશાન સાધ્યું હતું.

યુપીના અમેઠી જિલ્લામાં રેલવે વિભાગની બેદરકારીનો મામલો સામે આવ્યો છે. થયું એવું કે હ્રસેં ટ્રેન પાટા પર વચ્ચેથી તૂટી ગઈ હતી, ત્યારબાદ રેલવે કર્મચારીઓએ ટ્રેનને મુખ્ય લાઇન પરથી હટાવી લૂપ લાઇન પર લઈ ગઈ હતી. ટ્રેનને ધક્કો મારતા કર્મચારીઓનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ડીપીસી ટ્રેન પાટા વચ્ચે ઉભી છે, જેને રેલવે કર્મચારીઓ આગળ ધકેલી રહ્યા છે.

તમે કાર અને બસ જેવા વાહનોમાં લોકોને ધક્કો મારતા જોયા જ હશે, પરંતુ લોકોને ટ્રેનમાં ધક્કો મારતા જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. વીડિયોમાં એવું પણ જોવા મળ્યું હતું કે રેલ્વે ફાટક પાસે ખરાબ થયેલ એન્જીનને કારણે નજીકમાં ઘણા લોકો હાજર હતા જેઓ તેનો વિડીયો બનાવી રહ્યા હતા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ સમગ્ર મામલો અમેઠીના નિહાલગઢ રેલવે સ્ટેશનનો છે. અહીં સુલતાનપુર તરફથી અધિકારીઓ DPC ટ્રેન દ્વારા લખનૌ તરફ જઈ રહ્યા હતા. પરત ફરતી વખતે ગુરુવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ એન્જિન અચાનક ફેલ થઈ ગયું હતું. જેના સમાચાર કંટ્રોલને આપવામાં આવ્યા હતા. જે બાદ રેલ્વે કર્મચારીઓ દ્વારા ડીપીસી ટ્રેનને મેઈન લાઈનમાંથી ધક્કો મારીને લૂપ લાઈનમાં લાવવામાં આવી હતી.

સપા પ્રમુખ અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક વાયરલ વીડિયો પોસ્ટ કર્યો હતો અને લખ્યું હતું કે, "રેલવે મંત્રીને તાત્કાલિક બોલાવો અને એમની પાસે પણ ધક્કો લગાવો. એવું લાગે છે કે ભાજપની 'ડબલ એન્જિન સરકાર'ને આજે ચૂંટણી બોન્ડમાંથી બળતણ મળ્યું નથી, તેથી જ લોકોને અમેઠીના નિહાલગઢ ક્રોસિંગ પર ધક્કા ખાવાની ફરજ પડી છે.''

## ધૂળેટીને લઈ પોરબંદરમાં છાણાનાં ભાવમાં વધારો

### એક છાણાનાં બે રૂપિયા ભાવ છે, પોરબંદર જિલ્લામાં અઢી લાખ છાણાનો ઉપયોગ થવાનો અંદાજ છે

પોરબંદર,

પોરબંદરમા હોળી-ધુળેટીના તહેવારને લઈ તૈયારીઓ શરૂ થઈ છે. યુવક મંડળો અને સેવાભાવીઓ દ્વારા હોલીકા દહનને લઇ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પોરબંદર જિલ્લાની વાત કરીએ તો શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમા હોલીકા દહનની તૈયારીઓ શરૂ થઈ છે. હોલીકા દહનમાં છાણા અને લાકડાનો ઉપયોગ કરવામા આવે છે. હોળીની ઉજવણી કરતા યુવક મંડળો દ્વારા છાણા અને લાકડાની ખરીદી શરૂ કરી દેવામા આવી છે. બે રૂપિયાનું એક છાણું મળી રહ્યું છે. જિલ્લામાં અઢી લાખ છાણાનો ઉપયોગ થવાનો અંદાજ છે. પોરબંદરમા પશુપાલકો દ્વારા છાણા તૈયાર કરવામાં આવ્યાં છે.

પશુપાલન સાથે જોડાયેલા પરિવારની મહિલા દ્વારા છાણ એકત્રીત કરી અને અને છાણા તૈયાર કરે છે. પોરબંદરના રાંઘાવાવ અને સાન્દીપની સહિતના વિસ્તારોમા પશુપાલકો મોટી સંખ્યામા વસવાટ કરે છે અને તેમના દ્વારા છાણા તૈયાર કરવામા આવે છે. પશુપાલક હિરાભાઈ કોડીયાતરના જણાવ્યા અનુસાર તેમની પાસે ૨૫ જેટલા પશુઓ છે અને પરિવારની મહિલાઓ પશુઓનુ છાણ એકત્રીત કરી અને છાણા તૈયાર કરે છે. હોળીના પાંચ-સાત મહિના પૂર્વે છાણા તૈયાર કરવાનું શરૂ કરી દેવામાં આવે છે. આ વખતે એક છાણાનો ભાવ બે રૂપિયા જેવો છે. ગત વર્ષે માત્ર એક રૂપિયો ભાવ હતો. એક સમયમા લોકો ચૂલાનો ઉપયોગ કરતા હતાં. જેમા છાણાનો ઉપયોગ વધારે થતો હતો. જેના કારણે છાણાની માંગ પણ વધારે રહેતી હતી. હાલ સમય બદલાયો છે. ત્યારે દરેક લોકો ગેસનો ઉપયોગ કરતા થયા છે. જેના કારણે છાણાની માંગ ઘટવા લાગી છે અને માત્ર હોળીના તહેવારમા તેની માંગ જોવા મળે છે. તેમજ ગામડામાં લોકો છાણાની ચોરી કરે છે. હોળીને લઈ યુવાનો છાણાની ચોરી કરવા જતા હોય છે.



માતૃભૂમિને સ્વતંત્ર કરવા માટે પોતાનું સર્વત્ર બલિદાન કરી દેનાર અમર સહિત ભગતસિંહ સુખદેવ અને અને રાજગુરુને શ્રદ્ધાંજલિ આપવા માટે આકૃતિ ટાઉનશીપ માં મહિલા મોરચા પ્રમુખ ગીતાબેન રત્નોતર ચેરમેન સંગીતાબેન ચેરમેન કાંતિભાઈ કાર્યક્રમમાં સહભાગી થયા

### ગુજરાત- રાજસ્થાન સરહદ પરની ઘટના

# પોલીસે કારમાંથી ૧ કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરી

## પોલીસે બિનહિસાબી રોકડ રકમ ક્યાથી કયા લઈ જવાની હોવા અંગે કાર ચાલકની સઘન પૂછપરછ હાથ ધરી હતી

અરવલ્લી, તા.૨૪

લોકસભાની ચૂંટણી પૂર્વે ગુજરાત- રાજસ્થાન સરહદ પરથી શામળાજી પોલીસે કારમાંથી ૧ કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરી છે. સાથે કાર ચાલક ડ્રાઈવરની પણ ધરપકડ કરી છે. લોકસભાની ચૂંટણી અંતર્ગત અરવલ્લી જીલ્લામાં આચારસંહિતાનો કડકાઈથી અમલ કરવામાં આવી રહ્યો છે. જીલ્લા SP શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ રાજસ્થાન રાજ્યને અડીને આવેલ આંતરરાજ્ય સરહદો પરથી પસાર થતાં વાહનોનું સઘન ચેકિંગ હાથધરવામાં આવ્યું છે. શામળાજી પોલીસે અણસોલ ચેકપોસ્ટ પરથી રાજસ્થાન પાસીંગની આઈ-૧૦ કારના ગુપ્તખાનામાંથી ન્યૂઝ પેપરમાં વીંટાળેલ એક કરોડ રૂપિયા બિનહિસાબી મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે અઘધ ૧ કરોડ બિનહિસાબી રોકડ રકમ ક્યાથી કયા લઈ જવાની હોવા અંગે કાર ચાલકની સઘન પૂછપરછ હાથ ધરી હતી. શામળાજી પીએસઆઈ એસ.કે.દેસાઈ અને તેમની ટીમે રાજસ્થાન રાજ્યને અડીને અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર અણસોલ ચેકપોસ્ટ પર ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરાફેરી અટકાવવા માટે બેરીકેટિંગ કરી વાહનોનું ચેકિંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી આઈ-૧૦ કારને અટકાવી તલાસી લેતા કાર ચાલક ડ્રાઈવર ચિંતિત જણાતા પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતા કારની વચ્ચેની સીટમાં ગુપ્તખાનામાં રોકડ રકમ હોવાનું જણાવતા પોલીસે ગુપ્તખાનું ખોલાવતા પોલીસની આંખો પહોળી થઈ ગઈ હતી.

ગુપ્તખાના માંથી ૧ કરોડની ૫૦૦ની નોટના ૨૧ બંડલમાં ૨૦ હજાર નોટો મળી આવતા પોલીસે કાર ચાલકને રોકડ રકમના આધાર પુરાવા રજૂ કરવા જણાવતા ડ્રાઈવર પર્વતસિંહ સંભુસિંહ રાજપુતની અટકાયત કરી. રોકડ રકમ,કાર અને મોબાઈલ મળી કુલ.રૂ.૧.૦૨ કરોડ થી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. શામળાજી પોલીસે કારમાંથી જપ્ત કરેલ એક કરોડ રૂપિયા કયા થી લઈ કોને પહોંચાડવાના હતા એ અંગે કાર ચાલકની પૂછપરછ હાથધરી છે.

# ગુજરાતના ત્રણ મોટા ધામમાં હોળીની થઈ રંગેચંગે ઉજવણી

## શામળાજીમાં માનવ મહેરામણ ઉમટ્યુ, દેવભૂમિ દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે દ્વારકાધીશના રંગે રંગાતા ભક્તો જોવા મળ્યા

ડાકોર, તા.૨૪

હોળી પર્વ ઉપર ભગવાન શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલા રાજ્યના ત્રણ મોટા ધામમાં શ્રદ્ધાળુની ભારે ભીડ જામી હતી. યાત્રાધામ દ્વારકા, ડાકોર અને શામળાજીમાં ભાવી-ભક્તોની માનવ મહેરામણ ઉમટ્યુ હતું. દેવભૂમિ દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે દ્વારકાધીશના રંગે રંગાતા ભક્તો જોવા મળ્યા હતા. રાસની રમઝટ સાથે જય દ્વારકાધીશના નાદ સાથે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. આ સાથે ડાકોરના ઠાકોરના દ્વારે પણ હોળી પર્વને લઈ હજારો ભક્તોનું ઘોડાપૂર દર્શને પહોંચ્યુ હતુ. ડાકોરના રસ્તાથી લઈને મંદિરના પરિસર સુધી"જય રણછોડ, માખણ ચોર"ના નાદથી ગુંજયા હતા. તો યાત્રાધામ શામળાજી મંદિર રંગોત્સવના રંગે રંગાયેલુ જોવા મળ્યું હતું. અબીલ ગુલાલની છોળો સાથે ભગવાના શામળીયાને પણ રંગ લગાવવામાં આવ્યો હતો.

હોળી પર્વને લઈ આજે વહેલી સવારથી દ્વારકામાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભક્તોનું ઘોડાપુર સવારથી દ્વારકાધીશના દર્શનાર્થે ઉમટ્યુ હતું. ભક્તોએ દર્શન કર્યા બાદ દ્વારકાધીશ સાથે રંગોની હોળી રમી હતી. રાસની રમઝટ દ્વારકાધીશના નાદ સાથે ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે વિશાળ સંખ્યામાં ભક્તો દ્વારકા પહોચ્યા હતા. હોળીના તહેવારને લઈ દ્વારકામાં વહેલી સવારથી ભક્તોની ભીડ જોવા મળી હતી.હોળીના પર્વને લઈને યાત્રાધામ ડાકોરમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યુ હતું. ડાકોરમાં ફાગણી પૂનમના ઉત્સવને પગલે રસ્તાઓ પર ભક્તોનો મહાસાગર જોવા મળી રહ્યો હતો. હજારો ભક્તો ધજા સાથે ભગવાનના દર્શને આવી રહ્યા છે. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. લાખો ભક્તોની ડાકોરના રસ્તા પર લાંબી કતારો જોવા મળી હતી. મંદિરે ભક્તો દ્વારા ધજા ચડાવવામાં આવી હતી. ડાકોરના ઠાકોરની એક ઝલક માટે ભક્તો આતૂર બન્યા હતા. યાત્રાધામ શામળાજીમાં વહેલી સવારથી ભક્તો ઉમટયા છે. રંગોત્સવના તહેવારની ભક્તો અબીલ-ગુલાલની છોળો ઉડાળી ઉજવણી કરી રહ્યા છે.

**નીચે આપેલ ૧૦૮ ખાલી બોક્ષ માં રામ નામ લખી અમને મોકલો અને ઇનામ મેળવો**

| રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ | રામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |

પૂરું નામ : ____________________ મોબાઈલ : ____________________

પૂરું સરનામું :________________________________________

# વધુ નફો આપવાની લાલચ આપી ૪૦ લાખની ઠગાઈ

અમદાવાદ, તા.૨૪

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં વધુ નફો આપવાની લાલચ આપી ૪૦ લાખ રૂપિયાની ઠગાઈ આચરનાર મહિલા આરોપીની આગોતરા જામીન એડિશનલ સેશન્સ જજ જે.એમ.બ્રહ્મભટ્ટે ફગાવી દીધા છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી મહિલા અને તેના પતિએ વધુ નફો આપવાની લાલચ આપી ૪૦ લાખ રૂપિયા પોતાની પેઢીના એકાઉન્ટમાં એકાઉન્ટથી ટ્રાન્સફર લીધા છે, આરોપી સામે પ્રથમદર્શિય કેસ બને છે અને આ મામલે તપાસ જારી છે ત્યારે હાલના તબક્કે આરોપીને આગોતરા જામીન આપી શકાય નહીં.

૪૦ લાખની ઠગાઈ કેસમાં આરોપી અમીબહેન રોમીભાઈ મોરજરીયાએ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, ફરિયાદ મોડી કરવામાં આવી છે તેનું કોઈ જ કારણ આપવામાં આવ્યું નથી, જે પેઢી સાથે વ્યવહાર કરવામાં આવ્યા છે તેની હું ભાગીદાર કે માલીક નથી, ખોટી રીતે ફરિયાદ કરવામાં આવી છે, પતિ સાથેની નાંણાકીય લેવડ દેવડ છે જે પતિ વહેલી તકે ચુકવી આપશે, કોઈ જ ગુનાઈત ઈતિહાસ નથી, કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું તેથી જામીન આપવા જોઈએ.

જો કે, જામીન અરજીનો વિરોધ કરતા સરકારી વકીલ એવી દલીલ કરી હતી કે, ફરિયાદમાં મહિલાનું આરોપી તરીકે પહેલાંથી જ નામ છે, સ્ટીલ અને સળીયા તેમજ બાંધકામને લગતુ કામ આરોપી અને તેમના પતિ કરતા હતા તેથી તેમણે ફરિયાદી પાસેથી ૪૦ લાખ જેટલી માતબર રકમ વધુ નફો આપવાની લાલચ આપી પડાવી લીધી છે, તમામ ટ્રાન્જેક્શન એકાઉન્ટથી કરવામાં આવ્યા છે, આમ આરોપી સામે પ્રથમદર્શિય ગુનો બને છે, આરોપીનું કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન જરૂરી છે, આ કેસમાં તપાસ ચાલી રહી છે અને આરોપીને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડા કરે અથવા સાક્ષી ફોડે તેવી શક્યતા છે ત્યારે આરોપીને જામીન પર મુક્ત ન કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી મહિલાના જામીન ફગાવી દીધા છે.

# ડોક્ટરના અંગોનું દાન કરી સાત વ્યક્તિઓને નવજીવન અપાયું

સુરત, તા.૨૪

હોમિયોપેથી ડોક્ટર બ્રેન્ડેડ થતાં પરિજનોએ તેમના ઓર્ગન ડોનેશનનો નિર્ણય લીધો હતો. આમ, હોળીના દિવસે એક જિંદગીએ ૭ લોકોના જીવનમાં રંગ ભર્યા હતા. જાણીતા હોમિયોપેથી ડોક્ટરના હૃદય, ફેફસા, લિવર, કિડની અને ચક્ષુઓનું દાન કરાયુ હતું.

સુરતમાં હૃદય દાનની ૫૧મી અને ફેફસાના દાનની ૨૪મી ઘટના બની છે. ૪૭ વર્ષીય હોમિયોપેથી તબીબના હૃદય અને ફેફસાનું દાન કરાયુ હતું. સુરતના સિટી લાઈટ ખાતે રહેતા ૪૭ વર્ષીય દેવાંગભાઈના અંગોનું દાન કરી પરિવારે માનવતા મહેંકાવી છે. ડો.દેવાંગભાઈને અચાનક ચક્કર આવતા પરિવારે તેમની સારવાર શરૂ કરાવી હતી. સ્કૈં કરાવતા મગજમાં બ્લોકેજ હોવાનું નિદાન થયું હતું. જે બાદ ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાદમાં મગજની એન્જીયોગ્રાફી કરાવતા મગજમાં લોહીની નસમાં બ્લોકેજ હોવાનું બહાર આવ્યું હતું.

૨૦ માર્ચના રોજ તેમની મગજની નસમાં સ્ટેન્ડ બેસાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જ્યાં ૨૨મી માર્ચના રોજ તેઓને બ્રેઈન્ડેડ જાહેર કરાયા હતા. આવામાં તેમના મિત્ર કેતન જરીવાલાએ ડો.દેવાંગભાઈના પરિવારજનો સામે અંગદાનનો વિષય મૂક્યો હતો. આમ, પરિવાર સહમત થતા ઓર્ગન દોનેટ લાઈફ સંસ્થા દ્વારા ડો.દેવાંગભાઈના અંગદાનનો સ્વીકાર કરાયો હતો.

પરિવારની સંમતિ બાદ હ્દયનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના ૪૮ વર્ષીય વ્યક્તિમાં અમદાવાદની હોસ્પિટલમાં કરાયું. જ્યારે ફેફસાનું દાન જામનગરના રહેવાસી ૪૭ વર્ષીય વ્યક્તિમાં અમદાવાદની કે.ડી.હોસ્પિટલમાં કરાયું. લીવર અને કિડની અમદાવાદની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા. હૃદય, ફેફસાં, કિડની અને લીવર હવાઈ માર્ગે અને રોડ માર્ગે અમદાવાદ પહોંચાડવા બે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યા હતા. આમ, બ્રેન્ડેડ હોમિયોપેથી તબીબના અંગોનું દાન કરી સાત વ્યક્તિઓને નવજીવન અપાયું.

# કેડિલાના ફાર્માના રાજીવ મોદીની તબિયત લથડી

અમદાવાદ, તા.૨૪

બલ્ગેરિયન યુવતી પર દુષ્કર્મ કેસમાં કેડિલાના સીએમડી રાજીવ મોદીને પોલીસે એ સમરી રિપોર્ટ ભરીને ક્લિન ચીટ આપી છે. ત્યારે મહેસાણામાં એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા રાજીવ મોદીની અચાનક તબિયત લથડી હતી. તેઓ ચાલુ કાર્યક્રમમાં ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

મહેસાણા કેડિલા ફાર્માના રાજીવ મોદીની તબિયત લથડી હતી. રાજીવ મોદી કડીના રાજપુર સ્થિત ઈન્દ્રશિલ યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા હતા, જ્યાં તેમની તબિયત લથડી હતી. ચાલુ સમારોહમાં તબિયત લથડતા ઉંચકીને સારવાર માટે લઈ જવાયા હતા. રાજીવ મોદીને કારમાં તાત્કાલિક અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.

ત્રણ દિવસથી નાદુરસ્ત તબિયત હોવા છતાં દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. રાજીવ મોદી ઘણા સમયથી બલ્ગેરિયન યુવતી પર દુષ્કર્મના કેસમાં ચર્ચામાં છે. ઈન્દ્રશિલ યુનિવર્સિટીમાં આજે ૨૭૮ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ રાજીવ મોદી દ્વારા સમારોહને ખુલ્લો મુકાયો હતો. ત્યાર બાદ આ ઘટના બની હતી. કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદી સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ ચુકી છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ વિદેશી યુવતીની ફરિયાદ સોલા પોલીસે નોંધી છે. પોલીસે કેડિલા ફાર્માના માલિક રાજીવ મોદી વિરુદ્ધ IPCની કલમ ૩૭૬, ૩૫૪, ૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધાઈ છે. તમને જણાવી દઈએ કે રાજીવ મોદી સામે ફરિયાદ નોંધવા બલ્ગેરિયન યુવતીએ દુષ્કર્મના આરોપ લગાવ્યા હતા. ત્યારબાદ તેણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં બનેલી ઘટનાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ૨૨ ફેબ્રુઆરીથી લઈને માર્ચ સુધી વિદેશી યુવતી પર શારીરિક દુષ્કર્મ આચારવામાં આવ્યું હતું. યુવતીએ છારોડી કેડીલા ફાર્મ હાઉસમાં દુષ્કર્મ આચર્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તા.૨૪મી અને ૨૬મી ફેબ્રુઆરીના રોજ યુવતી સાથે સીએમડીએ અણછાજતું કૃત્યુ અને વ્યવહારની જાતીય સતામણી કરી હતી. આ મામલે આ વિદેશી યુવતીએ મહિલા આયોગ, નવરંગપુરા પોલીસ મથક, સોલા પોલીસ મથક, મહિલા પોલીસ સ્ટેશનમાં કેડીલા ફાર્માસ્યૂટિકલ્સ કંપનીના સીએમડી રાજીવ ઈન્દ્રવદનભાઈ મોદી અને તેમને મદદ કરનાર જોન્સન મેન્થુ સામે જાતીય સતામણી અને દુષ્કર્મની ફરિયાદ દાખલ કરવા માટે લેખિત ફરિયાદ કરી હતી. પરંતુ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોવાના આરોપો છે.



આ પ્રતિભાશાળી કલાકારોમાંના એક અમદાવાદના ચાંદની અગ્રવાલ અને તેમના પુત્ર હૃદયાંશ અગ્રવાલ છે, જેમના યોગદાનએ આ માઈલની સફરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ચાંદની અગ્રવાલે બોધગયાના બોધિ મંદિરનું ચિત્ર બનાવ્યું છે અને હૃદયાંશ અગ્રવાલે કુંભલગઢ કિલ્લાનું ચિત્ર બનાવ્યું છે.

ચાંદની અગ્રવાલ "સજદા" નામનો કલા અને હસ્તકલાનો સફળ વ્યવસાય ચલાવે છે. તેણીના વ્યવસાયનું સંચાલન કરતી વખતે, તેણી કલાના વર્ગો પણ ચલાવે છે, ઉત્સુક કલાકારો સાથે તેણીની કુશળતા શેર કરે છે. તેમની કલાત્મક ક્ષમતા માત્ર તેમના વ્યાવસાયિક પ્રયાસોમાં જ નહીં, પણ તેમની અંગત યાત્રામાં પણ પ્રગટ થાય છે.

ચાંદની અગ્રવાલે ૨૦૨૦ માં તેનું ધ્યાન કળા અને હસ્તકલા માટે સમર્પિત કર્યું, જ્યાં તેણીને તેણીનો સાચો જુસ્સો મળ્યો. તેણીની કલાત્મક વિવિધતામાં ચહેરાના ચિત્રોથી માંડીને દિવાલના ચિત્રો અને ફેબ્રિક પેઈન્ટિંગ્સ અને તમામ ભારતીય પરંપરાગત અને કલાની વિવિધ શૈલીઓનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા જ્જદ્રૃદ્વદ્મૈંરષ્ઠરદ્રૃહદ્મંહે પર ચાંદની દ્વારા, તેણી માત્ર તેની કલા ક્ષમતાઓ જ દર્શાવતી નથી પરંતુ અન્ય લોકોને તેમની સર્જનાત્મકતા શોધવા અને તેની પ્રેરણાને પૂર્ણપણે અનુસરવા માટે પણ પ્રેરિત કરે છે.

ચાંદની અગ્રવાલે ૨૦૨૦ માં તેનું ધ્યાન કળા અને હસ્તકલા માટે સમર્પિત કર્યું, જ્યાં તેણીને તેણીનો સાચો જુસ્સો મળ્યો. તેણીની કલાત્મક વિવિધતામાં ચહેરાના ચિત્રોથી માંડીને દિવાલના ચિત્રો અને ફેબ્રિક પેઈન્ટિંગ્સ અને તમામ ભારતીય પરંપરાગત અને કલાની વિવિધ શૈલીઓનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા જ્જદ્રૃદ્વદ્મૈંરષ્ઠરદ્રૃહદ્મંહે પર ચાંદની દ્વારા, તેણી માત્ર તેની કલા ક્ષમતાઓ જ દર્શાવતી નથી પરંતુ અન્ય લોકોને તેમની સર્જનાત્મકતા શોધવા અને તેની પ્રેરણાને પૂર્ણપણે અનુસરવા માટે પણ પ્રેરિત કરે છે.

### સુરત જિલ્લાના પલસાણાના કડોદરા વિસ્તારની ઘટના

# છાતીના ભાગે ચપ્પુના ઘા ઝીકી ૧૮ વર્ષીય યુવકની હત્યા

## અન્યોની બબાલમાં વચ્ચે પડેલા યુવકને ચપ્પુના ઘા ઝીંકાયા

કડોદરા, તા.૨૪

સુરત જિલ્લાના પલસાણાના કડોદરા વિસ્તારમાં યુવકની ચપ્પુના ઘા મારી હત્યા કરી દેવામાં આવી હતી. અન્યોની બબાલમાં વચ્ચે પડેલા યુવકને ચપ્પુના ઘા ઝીકી હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં એક જુવેનાઈલ સહિત કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

સુરતના કડોદરા વિસ્તાર દિવસે દિવસે ગુનાઓ અને ગુનેગારો માટે આશ્રય સ્થાન બની રહ્યો છે. રોજે રોજ કોઈકને કોઈક ગુનાઓ આ વિસ્તારમાં બનતા રહે છે. ગઈકાલે પણ એક ૫ દિવસથી ગુમ ૧૦ વર્ષીય બાળકીની લાશ મળી આવી હતી. પોલીસ તેની તપાસમાં લાગી છે ત્યાં તો સાંજે કડોદરા ચાર રસ્તા નજીક આવેલા અરિહંત પાર્ક વિસ્તારમાં યુવકનું ચપ્પુના ઘા ઝીકી ઢીમ ઢાળી દેવાયું.

અરિહંત પાર્ક વિસ્તારમાં રહેતો અને માથાભારેની છાપ ધરાવતો માત્ર ૧૮ વર્ષનો શિવમ નામનો યુવક પોતાના પરિચિતના ઘરે બેઠા હતો. દરમ્યાન પરિચિત પરિવારની મહિલાના મોબાઈલ પર કોલ આવ્યો હતો અને તેના મિત્રના ઘરે ત્રણ લોકો બબાલ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પરિચિત મહિલાનો દીકરો ત્યાં જવા નીકળતો હતો, તેની સાથે શિવમ પણ ગયો હતો.

જોકે અન્ય લોકોની સામાન્ય બબાલમાં શિવમ પડતા બબાલ કરી રહેલા વિશાલ નામના યુવકે શિવમને છાતીના ભાગે ચપ્પુના ઘા ઝીકી દીધા અને અને ત્રણેય યુવકો ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. જોકે સ્થાનિકો શિવમને તરત જ હોસ્પિટલે સારવાર અર્થે લઈ ગયા હતા. જયાં ટૂંકી સારવાર બાદ શિવમનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટનાને લઈ ઘટના સ્થળે પહોંચેલી કડોદરા પોલીસે હત્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ફરાર તમામ યુવકોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા. પોલીસ તપાસમાં હત્યા અંગે ગુનાની કબૂલાત કરી પોલીસે આરોપીઓને ઝબ્બે કરી જેલ હવાલે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### છોટાઉદેપુરમાં બુટલેગરના સન્માન મામલે ભાજપની સ્પષ્ટતા

# શરતચૂકથી બુટલેગર આવી જતાં સન્માન કરાયું હતું

## ભાજપને બુટલેગર સાથે કોઈ લેવા દેવા નથી : રમેશ ઉકાણી

છોટાઉદેપુર, તા.૨૪

છોટાઉદેપુર ખાતે ગઈકાલે ભરતીમેળામાં ભાજપ દ્વારા બુટલેગરોને સ્ટેજ પર બેસાડવામાં આવ્યો હતો. એટલું જ નહિ તેનું બુકે આપી સન્માન કરતા વિપક્ષને ભાજપને આડેહાથ લેવાનો મુદ્દો હાથ લાગી ગયો છે. ત્યારે બુટલેગરને ગુલાબ આપી સન્માન કરતા ભાજપનું નિવેદન સામે આવ્યું છે. છોટાઉદેપુરના પ્રભારી રમેશ ઉકાણીનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, શરત ચૂકથી બુટલેગર સ્ટેજ પર આવી ગયો હતો. તેને કોઈ હોદ્દો આપવામાં આવશે નહિ. જમીન પણ તેની નથી કોઈ બુટલગેરની જમીન નથી. જમીન વેંચાતી લીધી છે દાનમાં લીધી નથી. તે કાર્યકમ પત્યા પછી આવ્યો હતો, તેનું પાર્ટી સાથે કોઈ લેવા દેવા નથી. છોટાઉદેપુર ભાજપ પ્રભારી રમેશ ઉકાની પણ ઉપસ્થિતિ હતા. છોટાઉદેપુર કાર્યકર્તા ભરતી મેળામાં પ્રમુખે કુખ્યાત બુટલેગરને ગુલાબ આપી સન્માન કર્યું હતું. છોટાઉદેપુર ભાજપ કાર્યાલય બનાવવા કુખ્યાત બુટલેગર પીન્ટુ જસ્વાલે જમીન આપી છે. કુખ્યાત બુટલેગર પીન્ટુ જસ્વાલ ઈંગ્લિશ દારૂના અને ગુનાઓ દાખલ છે. ત્યારે ભાજપ દ્વારા જ કૂખ્યાત બુટલેગરનું સન્માન કરવામાં આવે કેટલું યોગ્ય..?

છોટા ઉદેપુર જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગઈકાલે ભરતી મેળો રાખ્યો હતો જેમાં કોંગ્રેસના આગેવાનો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાવાનો કાર્યક્રમ ભાજપના મધ્ય ઝોન પ્રભારી ગોરધન ઝડફિયાની ઉપસ્થિતિમાં રાખ્યો હતો. પરંતુ આ કાર્યક્રમમાં અલીરાજપુર વતની એવા પીન્ટુ જયસ્વાલ ઉર્ફે ભગવતીપ્રસાદ જયસ્વાલ કે જે ગુજરાતના ૮ જેટલા પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ બુટલેગરને સ્ટેજ પર સ્થાન આપ્યું હતું. આ બુટલેગરની છોટા ઉદેપુર જીલ્લા જીંર એ ગત ૨૨ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ અલીરાજપુર થી ઝડપી જેલ હવાલે કર્યો હતો.ઊંડાણ પૂર્વક તપાસ કરતા આ બુટલેગરની મકાન છોટા ઉદેપુરની શ્રીજી સોસાયટીમાં આવેલું હતું. જે ભાજપ કાર્યાલયની બાજુમાં જ હતું, જેથી ભાજપ કાર્યલય મોટું બને તે માટે આ બુટલેગરની મકાન વેચાતું લીધું છે. જેને લઈને ગોરધન ઝડફિયાએ બુટલેગરનું જાહેર મંચ ઉપર સ્વાગત કર્યું હતું. અને ગોરધન ઝડફિયા દ્વારા બુટલેગર પીન્ટુ જયવાલને તેમનું મકાન મળવાથી અમારી જગ્યા ડબલ થઈ ગઈ તેમ કહીને નવાજવામાં આવ્યો હતો.

આ મુદ્દે વિપક્ષને ભાજપ વિરૂદ્ધ મોરચો ખોલવાનો મોકો હાથ લાગી ગયો છે. આ મુદ્દે પૂર્વ વિપક્ષી નેતા અને છોટા ઉદેપુર લોકસભા બેઠકના કોંગ્રેસી ઉમેદવાર સુખરામ રાઠવાએ ભાજપને આડેહાથ લીધી હતી. અને કહ્યું કે ગોરધનભાઈને કદાચ ખબર નહિ હોય કે આ જમીન અમદ્ય પ્રદેશના દારૂના વેચાણનો લાયસન્સદાર અને એનો જ સારું ગુજરાતમાં આવે છે, એવું ઘણા બધા મિત્રો કહે છે એવા જ માણસ પાસેથી તમે જમીન લઈ તમારી ઓફિસ મોટી કરો છો.એવું કહ્યું કે અમારી હવે બમણું થયું, એનો અર્થ અમારા ગામડા વાળા એમ કહે છે કે દારૂનું ચલણ હવે છોટા ઉદેપુર,ભરપૂર, કવાંટમાં વધશે.કારણ દારૂ વેચનારને તમે પીઠબળ આપો છો.તમે સ્ટેજ પર બેસાડો છો.એનું સન્માન કરો છો. એનાથી પ્રજામાં મેસેજ શું જાય ? કદાચ છોટા ઉદેપુરના ભાજપના અગ્રણીઓ એ જે વેપારી છે એની ઓળખાણ આપવામાં કદાચ ભૂલ પડ્યા હોય.અને ઓળખતા હોય તો પણ એમણે જમીન કદાચ મફત મળી હોવાને એને કારણે પણ સન્માન થયું હોય. આ અંગે સુખરામ રાઠવાએ ભાજપને ખૂબ કોષી હતી. અને ભાજપ જ્યારે જ્યારે ચૂંટણી આવે ત્યારે યુવાનોને બગાડવાનું કામ કરે છે.એને નશાયુક્ત કર્યું છે ત્યારે ચોક્કસ કહી શકાય કે આ ભાજપના રાજમાં ગુજરાત નશામુક્ત નહિ પણ નશાયુકત થઈ રહ્યું છે.

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : MUKESHKUMAR HANUMANPARSAD AGRAWAL PRINTED AT DHARTI PRINTERS : C/3, Shanker Chambers, Nr. H.K. House, Opp. Bata Showroom, Ashram Road, Navranpura, Ahmedabad-380009. (GUJARAT) AND PUBLISHED FROM C-216, Swaminarayan Business Park, Narol, AHMEDABAD-382405